dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 203 | AD - 2025, Vaishakh Sud-01 | Monday, Dt.28-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાયનો વિજય થશે : નરેન્દ્ર મોદી

# આતંકવાદ સામેની લડાઈમાં સમગ્ર વિશ્વ દેશવાસીઓની સાથે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૭

મન કી બાતના ૧૨૧મા એપિસોડમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશ અને દુનિયાને સંબોધિત કર્યા હતા. તેમણે પોતાના સંબોધનની શરૂઆત આતંકવાદ વિરુદ્ધના સંદેશથી કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી છે. ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધી રહી હતી. વિકાસ કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું હતું. આવી સ્થિતિમાં, કાશ્મીરના દુશ્મનોએ ફરીથી હુમલો કરીને તેને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં દેશના તમામ લોકોની એકતા સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું કે આતંકવાદ સામેની આ લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ દેશવાસીઓની સાથે છે. પોતાના સંબોધનમાં, પીએમ મોદીએ ફરી એકવાર પીડિતોના પરિવારોને ખાતરી આપી કે તેમને ન્યાય મળશે. તેમણે કહ્યું કે ઘણા દેશોના નેતાઓએ તેમની સાથે ફોન પર વાત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને પોતાનો ટેકો વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, "આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભી છે. હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાયનો વિજય થશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે."




પીએમ મોદીએ કહ્યું, "બે દિવસ પહેલા આપણે દેશના મહાન વૈજ્ઞાનિક ડૉ. કે. કસ્તુરીરંગનજીને ગુમાવ્યા છે. વિજ્ઞાન, શિક્ષણ અને ભારતના અવકાશ કાર્યક્રમને નવી ઊંચાઈ આપવામાં તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે. તેમના નેતૃત્વમાં ઈસરોને એક નવી ઓળખ મળી છે. તેમણે દેશની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તૈયાર કરવામાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. ડૉ. કસ્તુરીરંગને ૨૧મી સદીની આધુનિક જરૂરિયાતો અનુસાર ભવિષ્યલક્ષી શિક્ષણનો વિચાર રજૂ કર્યો હતો. આજે ભારત વૈશ્વિક અવકાશ શક્તિ બની ગયું છે. આપણે એકસાથે ૧૦૪ ઉપગ્રહો લોન્ચ કરીને રેકોર્ડ બનાવ્યો છે. આપણે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ બન્યા છીએ. ભારત ખૂબ જ ઓછા ખર્ચે અવકાશમાં અસરકારક રીતે કામ કરી રહ્યું છે. ઘણા દેશો તેમના અવકાશ મિશન માટે ઈસરોની મદદ લે છે." પીએમએ કહ્યું કે ગયા મહિને મ્યાનમારમાં ભૂકંપને કારણે ભારે વિનાશ થયો હતો, ભારતીય ટીમે કાટમાળ નીચે ફસાયેલા લોકો માટે એક ફિલ્ડ હોસ્પિટલ તૈયાર કરી હતી. ઈજનેરોની એક ટીમે મહત્વપૂર્ણ ઈમારતોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવામાં મદદ કરી હતી. ભારતીય ટીમે ત્યાં ધાબળા, તંબુ, સ્લીપિંગ બેગ, દવાઓ, ખાદ્ય પદાર્થો અને બીજી ઘણી વસ્તુઓ પૂરી પાડી હતી. ઈથોપિયામાં રહેતા ભારતીયોએ જન્મથી જ હૃદય રોગથી પીડાતા બાળકોને સારવાર માટે ભારત મોકલવાની પહેલ કરી છે. આવા ઘણા બાળકોને ભારતીય પરિવારો દ્વારા પણ આર્થિક મદદ કરવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા જ, ભારતે અફઘાનિસ્તાન અને આ અઠવાડિયે નેપાળમાં દવાઓ અને રસીઓનો મોટો જથ્થો મોકલ્યો છે. આનાથી ઘણા રોગોની સારી સારવાર શક્ય બનશે. વડાપ્રધાને કહ્યું હતું કે આતંકવાદીઓ અને તેમના આકાઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરીથી બરબાદ થાય અને તેથી જ તેમણે આટલા મોટા કાવતરાને અંજામ આપ્યો. દેશ સામેના આ પડકારનો સામનો કરવા માટે આપણે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે.

પીએમએ કહ્યું કે, આજે દુનિયા જોઈ રહી છે કે આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક સ્વરમાં બોલી રહ્યો છે. ભારતના લોકોમાં જે ગુસ્સો છે તે આખી દુનિયામાં છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. વૈશ્વિક નેતાઓએ પણ મને ફોન કર્યો છે અને પત્રો લખ્યા છે. આ જઘન્ય આતંકવાદી હુમલાની દરેક વ્યક્તિએ સખત નિંદા કરી છે. પીએમએ એમ પણ કહ્યું કે, હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ચોક્કસ ન્યાય મળશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને કડક જવાબ આપવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ એક ભયાનક હુમલો થયો હતો. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા, જેમાં બે વિદેશી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. આ હુમલો પુલવામા હુમલા પછીનો સૌથી મોટો હુમલો માનવામાં આવી રહ્યો છે. જ્યાં ૨૬ લોકોના મોત થયા હતા. તે જ સમયે, ઘણા લોકો ઘાયલ પણ થયા છે. આ પછી, ભારતે પાકિસ્તાનના આ નાપાક કૃત્ય સામે કડક કાર્યવાહી કરી છે.

# પાકિસ્તાન સામેના સંબંધોમાં તણાવ વચ્ચે ભારતે અનેક એન્ટી-શિપ ફાયરિંગ કર્યા

નવીદિલ્હી,તા.૨૭

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તણાવ વચ્ચે, ભારતીય નૌકાદળે જહાજ વિરોધી ફાયરિંગનો એક વીડિયો શેર કર્યો છે. ભારતીય નૌકાદળે કવાયત માટે અનેક એન્ટી-શિપ ફાયરિંગ કર્યા છે, જેના વીડિયો સામે આવ્યા છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે જહાજ પરથી છોડ્યા પછી, મિસાઈલ લક્ષ્યને ઓળખે છે અને તેની તરફ આગળ વધે છે. મિસાઈલ જે વસ્તુનો પીછો કરી રહી છે તેની દિશા બદલાય છે અને પછી મિસાઈલની દિશા પણ બદલાય છે. આખરે મિસાઈલ તેના લક્ષ્યને નષ્ટ કર્યા પછી જ સમુદ્રના પાણીમાં પડે છે.



ભારતીય નૌકાદળના આ વીડિયો પાકિસ્તાનની સ્થિતિ વધુ ખરાબ કરવા માટે પૂરતા છે. આ વીડિયો શેર કરતા, ભારતીય નૌકાદળે જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળના જહાજોએ લાંબા અંતરના ચોકસાઈવાળા આક્રમક હુમલાઓ માટે પ્લેટફોર્મ, સિસ્ટમ્સ અને ક્રૂની તૈયારીને ફરીથી પ્રમાણિત કરવા અને દર્શાવવા માટે અનેક સફળ એન્ટી-શિપ ફાયરિંગ કર્યા હતા.

એન્ટી-શિપ ફાયરિંગનો વીડિયો શેર કરતી વખતે, એવું પણ લખવામાં આવ્યું હતું કે ભારતીય નૌકાદળ રાષ્ટ્રના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે ગમે ત્યારે, ગમે ત્યાં, કોઈપણ રીતે યુદ્ધ માટે તૈયાર છે. ભારતીય નૌકાદળ વિશ્વસનીય છે અને ભવિષ્યમાં કોઈપણ પડકારનો સામનો કરવા તૈયાર છે. એન્ટી-શિપ ફાયરિંગ કવાયત હાથ ધરનાર તમામ ભારતીય નૌકાદળના જહાજો અરબી સમુદ્રમાં તૈનાત છે. ભારતનું ગુજરાત અને પાકિસ્તાનનું કરાચી અરબી સમુદ્ર સાથે સરહદ ધરાવે છે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ ભારતે પાકિસ્તાન અંગે ઘણા કડક નિર્ણયો લીધા છે. આ પછી, બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ રહી હોય તેવું લાગે છે. આ જ કારણ છે કે બંને દેશોની સેનાઓ પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહી છે.

# પહેલગામ આતંકવાદી હુમલો : વૈષ્ણો દેવી યાત્રામાં ૪૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓની સંખ્યા ઘટી

જમ્મુ,તા.૨૭



પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલા બાદ, મા વૈષ્ણો દેવીના મંદિરમાં આવતા ભક્તોની સંખ્યામાં ઘટાડો થયો છે. સામાન્ય દિવસોમાં, દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો માતાના દર્શન માટે આવતા હતા, પરંતુ સુરક્ષાની આશંકાને કારણે, બહારના રાજ્યોમાંથી ભક્તોનું આગમન ઓછું થઈ ગયું છે. શનિવારે, ૧૮,૬૦૦ ભક્તો દર્શન માટે રવાના થયા હતા. જ્યારે આ દિવસોમાં દરરોજ ૪૦ હજાર ભક્તો ધાર્મિક શહેરમાં પહોંચતા હતા. કટરામાં હોટેલ સંચાલકો, ટ્રાવેલ એજન્ટો અને સ્થાનિક દુકાનદારોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં ટ્રાવેલ બુકિંગમાં ૩૦-૪૦%નો ઘટાડો થયો છે. કટરા રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર પણ પહેલા જેવી ભીડ જોવા મળી રહી નથી. તે જ સમયે, હોટલ અને લોજમાં બુકિંગ પણ પહેલા જેવું નથી થઈ રહ્યું. પરંતુ સપ્તાહના અંતે, ખાસ કરીને શનિવાર અને રવિવારે, નજીકના પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના ભક્તો મા વૈષ્ણો દેવીના દર્શન માટે પહોંચી રહ્યા છે. પરંતુ તેમની સંખ્યા પણ પહેલાની સરખામણીમાં ઘણી ઓછી છે. ભક્તો સુરક્ષા પ્રત્યે સતર્ક છે, અને હાલમાં મોટી સંખ્યામાં આવવાનું ટાળી રહ્યા છે. કટરાથી ભવન સુધીના સમગ્ર રૂટ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સીઆરપીએફ, પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓની વધારાની તૈનાતી કરવામાં આવી છે. મુસાફરોની તપાસ વધુ કડક બનાવવામાં આવી છે. જેથી કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને અટકાવી શકાય. મા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ અને વહીવટીતંત્ર ભક્તોનો વિશ્વાસ જીતવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે.












# પહેલગામના શહીદોને બગસરાની મૌન શ્રદ્ધાંજલિ, હિન્દુ સંગઠનોએ રેલી યોજી શોક વ્યક્ત કર્યો

બગસરા, તા. ૨૭

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં હિન્દુઓ પર થયેલા આતંકી હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે બગસરામાં મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ અને હિન્દુ સંગઠનો મોટી સંખ્યામાં




જોડાયા હતા. આ મૌન રેલીમાં સમસ્ત હિન્દુ સમાજ, સનાતન ગ્રુપ, વેપારી મહામંડળ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને અન્ય અનેક સંસ્થાઓ તેમજ મહિલાઓએ પણ સક્રિયપણે ભાગ લીધો હતો. રેલી વિજય ચોકથી શરૂ થઈ શહેરના મુખ્ય બજારોમાં ફરીને સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ એટલે કે સરદાર ચોક સુધી પહોંચી હતી. અને પહેલગામના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને બે મિનિટનું મૌન પાળ્યું હતું.

# ધારીમાં કોંગ્રેસનું ‘સંગઠન સુજન અભિયાન’, પક્ષને મજબૂત બનાવવા રણનીતિ ઘડાઈ

ધારી, તા.૨૭

ધારી ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા પટેલવાડીમાં ‘સંગઠન સુજન અભિયાન’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા, તાલુકા અને શહેરના નવા પ્રમુખોની નિમણૂક અને ધારી, ખાંભા અને બગસરા વિધાનસભા બેઠકો માટે વિશેષ યોજનાઓ પર ચર્ચા



તસવીર :સંજય વાળા

કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજસ્થાન પ્રદેશ ઉપપ્રમુખ જગદીશ જાંગીડજી, કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ડોક્ટર ઈન્દ્રવિજય ગોહિલ અને પૂર્વ ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના ગાયત્રીબા વાઘેલાએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી. આ ઉપરાંત, પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી સહિત અનેક સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં પતિ સાથે ઝઘડા બાદ રિસામણે આવેલી પત્નીથી પુત્રીનો વિરહ સહન ન થયો

**પત્નીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**

અમરેલી, તા.૨૭

અમરેલીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિ સાથે ઝઘડા બાદ રિસામણે આવેલી પત્નીથી પુત્રીનો વિરહ સહન થતો નહોતો. જેને લઈ તેણે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલા હાલ માવતરના ઘરે રિસામણે હતી. અને અગાઉ માનસિક ત્રાસ અંગેની અગાઉ ફરિયાદ કરી હતી. તેની ૫ વર્ષની પુત્રી તેના પતિ પાસે હતી અને પુત્રીનો વિરહ સહન ન થતાં પંખામાં દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગમા પીપળીયા પ્રા. શાળાના શિક્ષકની બદલી, ભાવભીની વિદાય આપાઈ

બાબરા, તા.૨૭

બાબરા તાલુકાના ગમા પીપળીયા પ્રાથમિક શાળામાં HTAT આચાર્ય તરીકે ફરજ બજાવતા ભીમાણી ચેતનકુમાર વિનોદરાયની જિલ્લા ફેરબદલી તેમના વતન મોરબીના ધુનડા ગામે થતાં શાળા પરિવારે તેમને ભાવભીની વિદાય આપી હતી.



શાળા પરિવાર દ્વારા ભીમાણીને શુકનનું શ્રીફળ અને સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભારતીય કિસાન સંઘ બાબરા તાલુકાના પ્રમુખ ભાનુભાઈ એમ. પાનશેરીયાએ ભીમાણીને પુસ્તક ભેટ આપી તેમની કામગીરીને બિરદાવી હતી. ભાનુભાઈ પાનશેરીયાએ ભીમાણીને તેમના વતનમાં શાળાનું નામ તેમજ તેમનું નામ શિક્ષણ જગતમાં રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચલાલામાં ભાજપના આગેવાનોએ ‘મન કી બાત’ કાર્યક્રમમાં વડાપ્રધાનના વિચારો સાંભળ્યા

ચલાલા, તા.૨૭



ચલાલા શહેર ભાજપના વરિષ્ઠ આગેવાનો દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય કાર્યક્રમ ‘મન કી બાત’ શ્રવણનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલાલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન કારીયાના કાર્યાલયે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના અનેક ભાજપ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રકાશભાઈ કારીયા, અશોકભાઈ કાથરોટીયા, ઘનશ્યામભાઈ કાથરોટીયા, નીતિનભાઈ વાળા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદનાં ટીબી ગામે રૂા. ૧૦ હજારની લાંચ લેતા તલાટી મંત્રી પ્રવિણ માયડા ઝડપાયો

જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે રેવન્યુ તલાટી મંત્રી રૂા.૧૦ હજારની લાંચ લેતા ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. એક જાગૃત નાગરિકને જમીનનું એકત્રીકરણ કરી જમીનનાં અલગ અલગ ખાતાઓ કરી આપવાના બદલામાં રેવન્યુ મંત્રી પ્રવિણ માયડાએ રૂા.૧૦ હજારની લાંચની માંગણી કરેલ હતી. જે



લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય એસીબીનાં ટોલ ફ્રી નં.૧૦૬૪ પર ફરિયાદ કરતા લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ દરમિયાન આરોપી સબબ કામ માટે વાતચીત કરી લાંચ લેતા એસીબી દ્વારા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

# રાજુલા તાલુકાનાં પીપાવાવ-ભેરાઈ વિસ્તારમાં બે સિંહના મૃતદેહ મળ્યા

અમરેલી, તા.૨૭



અમરેલી જિલ્લામાં સિંહોની વસ્તી ગણતરી પહેલા ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજુલા તાલુકાના પીપાવાવ-ભેરાઈ વિસ્તારમાં બે દિવસ પહેલા એક બાળ સિંહનો મૃતદેહ મળ્યો હતો. ત્યારબાદ રાજુલાના કોટડી ગામ નજીક રેવન્યુ વિસ્તારમાં આવેલી વાડીમાંથી દોઢથી બે વર્ષના પાઠડા સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. વન વિભાગની ટીમે બંને મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખસેડ્યા હતા.

# રાજુલામાં મધરાતે પોલીસનું સર્ચ ઓપરેશન : મસ્જિદ સહિત રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે વસવાટની તપાસ કરી

અમરેલી, તા.૨૭

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલા બાદ ગુજરાત પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે. અમરેલી જિલ્લામાં જૈં સંજય ખરાતની સૂચના હેઠળ રાજુલા પોલીસે મધરાતે વિશેષ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. PI એ.ડી. ચાવડાની આગેવાની હેઠળની ટીમે ત્વક્કલનગર, બીડીકામદાર વિસ્તાર અને મફતપરા વિસ્તારમાં




તપાસ કરી હતી. પોલીસે સ્થાનિક મસ્જિદમાં પણ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન રહીશોના આધારકાર્ડ સહિતના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. રાજુલા દરિયાઈ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો કાર્યરત છે. અહીં દેશ-વિદેશના લોકોની અવરજવર રહે છે. ઘણા પરપ્રાંતીય લોકો રાજુલા શહેરમાં વસવાટ કરે છે. આ કારણે પોલીસે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોના નાગરિકોના ગેરકાયદે વસવાટની શંકાને લઈને આ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# અમરેલી લેટરકાંડ મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે અમરેલીના એસપીને ચાર અઠવાડિયામાં રિપોર્ટ રજૂ કરવા કર્યો આદેશ

**કાંતિલાલ પરમારની ફાઈલ કરવામાં આવેલ પિટિશનના આધારે કાર્યવાહી**

અમરેલી, તા.૨૭

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દિલ્હી દ્વારા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમારની માનવ અધિકાર ભંગની આયોગમાં ફાઈલ કરવામાં આવેલ પિટિશનના આધારે અમરેલી જિલ્લાના એસપીને નોટિસ ફટકારી ચાર અઠવાડિયામા આ મુદ્દે એક્શન ટેકન રિપોર્ટ( કરેલ કાર્યવાહીનો અહેવાલ) માંગેલ છે. અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર (ખંભાળિયા) ગામમાં રહી અમરેલીમાં મનીષ વઘાશિયાની ઓફિસમાં ટાઈપિંગ કામ કરતી ૨૦ વર્ષની પાયલ ગોટી નામની યુવતીને અમરેલી પોલીસ દ્વારા સ્થાનિક ધારાસભ્યને બદનામ કરવાના કહેવાતા લેટર કાંડની ઘટનામાં આરોપી બનાવવામા આવેલ હતી. જે કેસમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે અમરેલીના જિલ્લા પોલીસ અધિક્ષકને નોટિસ ફટકારી છે અને ચાર અઠવાડિયામા એક્શન ટેકન રિપોર્ટ રજુ કરવા નિર્દેશ કર્યો છે. માનવ અધિકાર આયોગની નોટીસથી જિલ્લાના રાજકારણમાં ફરી ગરમાવો આવ્યો છે.

# રાજુલામાં કોંગ્રેસ પક્ષની સંગઠનાત્મક બેઠક યોજાઈ

રાજુલા, તા.૨૭

રાજુલા વિધાનસભા વિસ્તારમાં આજે કોંગ્રેસ પાર્ટીની મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી, જેમાં પ્રદેશ, જિલ્લાની સાથે સાથે દિલ્હીના નિરીક્ષકોની વિશેષ ટીમ ઉપસ્થિત રહી હતી. આ બેઠકમાં સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવાનો ઉદ્દેશ રાખી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સંગઠનમાં




નવી જવાબદારીઓ માટે નવા પ્રમુખની નિયુક્તિ પણ કરાશે. સંગઠનની રચનાત્મકતા વધારવા અને સમગ્ર વિધાનસભામાં કાર્યકર્તાઓને વધુ સશક્ત રીતે જોડવા માટે વ્યૂહરચના પર ચર્ચા થઈ હતી. આ બેઠકમાં નિરીક્ષકોએ સ્થાનિક કાર્યકરો તથા આગેવાનોના અભિપ્રાયોને સાવધાનીપૂર્વક સાંભળ્યા હતા. આ બેઠકમાં રાજસ્થાનના નેતા જગદીશ જાંગીડજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, ગાયત્રીબેન, કલ્પનાબેન મકવાણા, પ્રતાપભાઈ દુધાત, સંદીપભાઈ ધાનાણી, ટીકુભાઈ વરૂ, ઈકબાલભાઈ ગોરી, સત્યમભાઈ મકાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સા.કુંડલા તાલુકામાં રૂા.૩.૩૮ કરોડના ખર્ચે બે રોડના કામોનો ધારાસભ્યના હસ્તે પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૭



સાવરકુંડલા તાલુકામાં રૂ. ૩.૩૮ કરોડના ખર્ચે બે મુખ્ય માર્ગોના વિકાસ કાર્યનું તા.૨૭ ના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત તાલુકાના દોલતીથી મેરીયાણા રોડ(૧૭૦ લાખ) અને લીખાળાથી ભેંકરા રોડ (૧૬૮ લાખ) એમ બે મુખ્ય માર્ગોના નિર્માણ કાર્યની શરૂઆત થઈ છે. દોલતી–મેરીયાણા અને લીખાળા–ભેંકરા જેવા વિસ્તારોમાં રહેવાસીઓ વર્ષોથી આધુનિક માર્ગ સુવિધાની અપેક્ષા રાખતા હતા, જે હવે પરિપૂર્ણ થવા જઈ રહી છે. આ માર્ગો ગામો વચ્ચેની દૂરી ઘટાડશે, વિદ્યાર્થીઓ, ખેડૂત મિત્રો અને સ્થાનિક વેપારીઓ માટે મુસાફરી વધુ સરળ બનાવશે. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, દિપકભાઈ માલાણી, લાલભાઈ મોર, શરદભાઈ ગૌદાની, પરષોત્તમભાઈ ઉમટ, રજનીભાઈ ડોબરીયા, પ્રકાશભાઈ પાનસુરીયા તથા મુકેશભાઈ આદ્રોજા તથા તાલુકા પંચાયતના સદસ્યો તથા તાલુકા ભાજપના તમામ હોદ્દેદારો તથા સ્થાનિક ગામના સરપંચો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# અમરેલીમાં કલેકટરનાં અધ્યક્ષ સ્થાને સુજલામ સુફલામ જળ અભિયાન સમિતિની બેઠક યોજાઇ

અમરેલી, તા.૨૭



રાજ્ય સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા અમલીકરણ સમિતિની આ બેઠકમાં જિલ્લા કલેકટર અને અધ્યક્ષ અજય દહિયાએ જળ સિંચનના ૨૮૮ કામોને મંજૂરી આપી હતી. જિલ્લામાં ૫૧ કામો ૧૦૦ ટકા જનભાગીદારીથી ઉપરાંત ૬૦-૪૦ ટકા જનભાગીદારી રેશિયોથી ૧૪૭ કામો કરવામાં આવશે. જિલ્લામાં કુલ કરવાના થતાં કામોમાંથી જળસંપત્તિ (રાજ્ય)ના ૯૮ કામો, જળસંપત્તિ (પંચાયત)ના ૯૬ કામો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ૨૬ કામો, જિલ્લા જળ સ્ત્રાવ એકમના ૨૦ કામો, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૧૪ કામો, નગરપાલિકાના ૩૪ કામો છે. કલેકટરે સમગ્ર અભિયાનના સુચારું આયોજન માટે જરૂરી વિગતો મેળવી દિશાનિર્દેશો આપ્યા હતા. સુજલામ સુફલામ જળ અભિયાન ''કેચ ધ રેઈન ૨.૦'' ૨૦૨૫ અંતર્ગત જિલ્લામાં તળાવો ઉંડા કરવા, નદીની સફાઈ, ચેકડેમના ડીસીલ્ટીંગ, કૂવા ઉંડા કરવા, હેડ વર્ક સફાઈ વગેરે કામો કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવળીયા ગામેથી પુરુષની લાશ મળી

અમરેલી, તા.૨૭

અમરેલીના દેવળીયા ગામેથી પુરુષની લાશ મળી હતી. આશિષભાઈ અંજુભાઈ જેબલિયા (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, રમેશભાઈ ગોરધનભાઈ વસાવા (ઉ.વ.૫૫)ની લાશ બિનવારસી હાલતમાં મળી આવી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં મહાકાળી માતાજીનાં મંદિરે દેવી ભાગવત કથાનું આયોજન કરાશે

રાજુલા, તા.૨૭



તસવીર :ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં ફોરેસ્ટ કોલોનીની બાજુમાં મહાકાળી માતાના મંદિરે દેવી ભાગવત કથાનું તા. ૮ /૫ થી ૧૬/૫ સુધી આયોજન કરવામાં આવ્યું છે. આ દેવી ભાગવતના વક્તા શ્રી શાસ્ત્રીજી કલ્પેશભાઈ એચ. પંડયા, કંટાસર, મુંબઈ કથાનું રસપાન કરાવશે. મહાકાળી મંદિરના મહંત શંભુ ભગત અવારનવાર આવા ધાર્મિક કાર્ય કરતા રહે છે. સંતો-મહંતો, રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે. તો સર્વે ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનો કથાનો લાભ લેવા પધારશો.

# સાવરકુંડલામાં વલ્લભાચાર્યજીનો ૫૪૮મો પ્રાગટ્યોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

**મુખ્ય મનોરથીઓ દ્વારા તિલક, માળાજી અને કેસર સ્નાન કરાવવામાં આવ્યું**

સાવરકુંડલા, તા.૨૭



તસવીર :સૌરભ દોશી

નાવલી નદીના કિનારે આવેલ મહાપ્રભુજીની બેઠકજી ખાતે શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૮મો પ્રાગટ્યોત્સવ મહાપ્રભુજી ટ્રસ્ટ દ્વારા સર્વ વૈષ્ણવોએ ભારે ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવ્યો હતો. જેમાં પ્રભાત ફેરી કાઢવામાં આવી હતી અને મહાપ્રભુજી બેઠકજી ખાતે વૈષ્ણવોને મંગળા દર્શન કરાવવામાં આવ્યા હતા. એકાદશી નિમિત્તે ગિરિરાજજીને દુગ્ધાભિષેક કરવામાં આવ્યો હતો અને તિલક, આરતી કરવામાં આવી હતી. મહાપ્રભુજીને પલનામાં ઝુલાવવામાં આવ્યા હતા અને નંદ મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને મુખ્ય મનોરથીઓ દ્વારા તિલક, માળાજી અને કેસર સ્નાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ કેસર સ્નાનનો લાભ લીધો હતો.

# સમઢીયાળા ગામેથી મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે પોલીસ લાલ આંખ કરી રહી છે. જિલ્લામાં બે લોકો પાસેથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સમઢીયાળા ગામે એક મહિલાના રહેણાંક મકાને કાંટાની વાડ પાસેથી ૫ લીટર તથા ચિતલ ગામેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું શહેરના મુખ્ય માર્ગ પરથી પથ સંચલન યોજાયું

સાવરકુંડલા,તા.૨૭



સાવરકુંડલામાં તા.૨૭ ના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર એક વિશાળ પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પથ સંચલન હાથસણી રોડથી શરૂ થઈ, આંખની હોસ્પિટલ, શોરા વાડી, મેલડી ચોક, જયશ્રી ટોકીઝ, દેવળા ગેટ, ગાંધી ચોક, મેઈન બજાર, નદી બજાર, રિદ્ધિ-સિદ્ધિ નાથ મંદિર ચોક, મણીભાઈ ચોક, મોટી ગૌશાળા, કાપેલધાર, મહાકાળી ચોક અને ખોડીયાર ચોક થઈને પુનઃ હાથસણી રોડ પર સમાપ્ત થયું હતું. આ સંચલન દરમિયાન શહેરના મુખ્ય રસ્તાઓને ચૂનો, ચિરોડી અને રંગબેરંગી રંગોથી સજાવીને સ્વયંસેવકોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરીજનોએ ભગવા ધ્વજનું ફૂલ, ચોખા, અબીલ અને ગુલાલથી ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં RSSના સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા, જેમણે એકતા અને શિસ્તનું પ્રદર્શન કર્યું હતું. આ પથ સંચલન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાષ્ટ્રવાદ અને સામાજિક સમરસતાના સંદેશને ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયું હતું.

# ચૈત્રી દનૈયા દરમિયાન આકરો તાપ પડતા ખેડૂતોને સારો વરસાદ થવાની આશા

બગસરા, તા.૨૭

દર વર્ષે હોળીની ઝાળ બાદ ચૈત્રી દનૈયાના અભ્યાસ દ્વારા ખેડૂતો આગામી ચોમાસું કેવું રહેશે તેના વિશે અનુમાન કરતાં હોય છે. આ વર્ષે ચૈત્રી દનૈયા સારા તપતા આગામી ચોમાસું સમયસર અને સામાન્ય રહેવાની શક્યતા દેખાઈ રહી છે. પૌરાણિક સમયથી આગામી ચોમાસું કેવું રહેશે તે માટે ખેડૂતો અને તજજ્ઞો વાતાવરણનો અભ્યાસ કરી તારણ કાઢવાની જૂની પદ્ધતિઓને પણ અનુસરતા હોય છે. આ બાબતે હોળીની ઝાળ, ચૈત્રી દનૈયા, ભડલી વાક્યો અને અખાત્રીજના પવનના આધારે આગામી ચોમાસા વિશે તારણ બાંધી ખેડૂતો ખેતી માટે તૈયારી કરતા હોય છે. બગસરાથી દર્શન ઠાકરના જણાવ્યા અનુસાર આ વર્ષે ચૈત્રી દનૈયા ચૈત્ર વદ પાંચમ ને તારીખ ૧૮ એપ્રિલથી શરૂ કરી ચૈત્ર વદ તેરસ ૨૬ એપ્રિલ એમ નવ દિવસ માટે ગણવામાં આવ્યા હતા. જેમાં શરૂઆતના પહેલા દનૈયાથી લઈને શનિવારના અંતિમ દનૈયા સુધીમાં એક પણ દનૈયામાં વાદળછાયું વાતાવરણ ન બનતા તમામ નવ દનૈયા સારા તપ્યા હતા. તમામ નવ દનૈયામાં આકરો તાપ પડ્યો હતો. આ વર્ષે તમામ દનૈયામાં આકરો તાપ પડતા આગામી ચોમાસું સમયસર અને સામાન્ય રહેવાની શક્યતા ખેડૂતો અને અભ્યાસુઓ દ્વારા જણાવવામાં આવી છે ત્યારે હવે ચોમાસાની સ્થિતિ જાણવા માટે અખાત્રીજમાં પવનનો રુખ કેવો રહે છે તે જોવાનું રહેશે.




## અવસાન નોંધ

**રાજુલાવાળા (હાલ અમરેલી)**

દિલીપભાઇ ધીરજલાલ વ્યાસ (ઉ.વ.૬૨) તા.૨૩/૪ને બુધવારે કૈલાસવાસી થયેલ છે. તે ઇલાબેન અશોકકુમાર ભટ્ટ, ગં.સ્વ. નિર્મળાબેન પ્રહલાદરાય ભટ્ટ, સ્વ. શાંતિભાઈ બાલુભાઇ વ્યાસ, મુકુંદરાય બાલુભાઈ વ્યાસના કાકાના દિકરા ભાઈ. સ્વ. નિરંજનભાઈ, રવિન્દ્રભાઈ, હિતેષભાઇ હર્ષદરાય અધ્વર્યુના મામાના દિકરા ભાઈ, સ્વ. જસવંતરાય મણીશંકર અધ્વર્યુના વેવાઈના દિકરા, ગં.સ્વ. જયશ્રીબેન અલિનભાઈ ભટ્ટના બનેવી થાય. તેમની સંયુક્ત સાદડી તા.૨૮/૪ને સોમવારે, સાંજે ૫ થી ૭, કંડોળિયા બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, પ્રાણકુંવરબાગ, ઉપરના વિભાગમાં રાખેલ છે.

**મહુવા**

ધીરજલાલ ગીગાભાઈ રામાણી (નિવૃત આસી. સેક્રેટરી, માર્કેટીંગ યાર્ડ, મહુવા, ઉ.વ.૭૦) તે ખોડાભાઈ (ટીંબી), મધુભાઈ, બાબુભાઈ ગીગાભાઈ રામાણીનાં ભાઈ. પરશોતમભાઈ હીરપરા, ભરતભાઈ હીરપરા (મુનેશ્વર ટ્રેડીંગ માર્કેટીંગ યાર્ડ, મહુવા)નાં બનેવી તા.૨૫/૪ને શુક્રવારે અવસાન પામેલ છે.

# ડેડાણ ગામે કાળીધાર પાસેથી ત્રણ, અમરેલીમાંથી ચાર મળી સાત ખેલી પકડાયા

**૧૧,૦૦૦થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી સાત ખેલીને ૧૧,૦૦૦થી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. ખાંભાના ડેડાણ ગામે કાળીધાર પાસેથી ત્રણ ઈસમો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે મહેશભાઈ કરશનભાઈ ભાલીયા, હિંમતભાઈ હરીભાઈ મકવાણા, મહેશભાઈ વિહાભાઈ ચૌહાણને ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ.૧૩૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં બહારપરા કુંભારવાડામાંથી રઈસભાઈ રજાકભાઈ બીલખીયા, ઈકબાલભાઈ રહીમભાઈ સોલંકી, મુનીરભાઈ રજાકભાઈ ઘોઘારી તથા મોસીનભાઈ મેહબુબભાઈ ભટ્ટી ગંજીપતાના પાના વડે પૈસાની હાર જીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રૂ.૧૦,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સા.કુંડલામાં કોંગ્રેસના નિરીક્ષકો દ્વારા પક્ષને મજબૂત કરવા કાર્યકર્તાઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૭



સાવરકુંડલા ખાતે આજે કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન અંતર્ગત AICC તથા PCCનાં નિરીક્ષકો દ્વારા પક્ષને મજબૂત કરવા માટે સ્થાનિક કાર્યકર્તાઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કાશ્મીરમાં આતંકી હુમલામાં જીવ ગુમાવનાર લોકોના આત્માને શાંતિ માટે બે મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ આપી હતી. આ તકે AICC નિરીક્ષક જગદીશ જાંગીડ, ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, ગાયત્રીબા વાઘેલા, કલ્પનાબેન મકવાણા તથા અમરેલી જિલ્લા પ્રમુખ પ્રતાપભાઈ દુધાત તેમજ સાવરકુંડલા લીલીયા વિધાનસભા મતવિસ્તારનાં તમામ ફ્રન્ટના આગેવાનો, કાર્યકર્તાઓની હાજરીમાં ચંદ્રેશભાઈ રવાણી, વલ્લભભાઈ ઝીંઝુવાડિયા, હસુભાઈ સૂચક, કનુભાઈ ડોડીયા, નરેશભાઈ દેવાણી, ખોડાભાઈ માળવીયા, દાનુભાઈ ખુમાણ, ભરતભાઈ ગીડા, હાર્દિકભાઈ કાનાણી, કિરીટભાઈ દવે, હસુભાઈ બગડા, રમેશભાઈ ગોહિલ, અશોકભાઈ ખુમાણ, ગોરધનભાઈ રાદડિયા, જગાભાઈ દેથલીયા, નસીરભાઈ ચૌહાણ, વિપુલભાઈ ઉનાવા, જશુભાઈ ખુમાણ, મહેશભાઈ જયાણી વગેરે હાજર રહ્યા હતા.

# ખાનગી ટ્રાવેલ્સમાં ભૂલાઈ ગયેલ રોકડ રકમ મૂળ માલિકને સુપરત કરવામાં આવી

અમરેલી, તા. ૨૭



સુરતથી ગીર દુધાળા આવતી રામાધણી ટ્રાવેલ્સના ડ્રાઈવરે ઈમાનદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હીરાવા ગામમાં રહેતા આધેડ પોતાની થેલીમાં રાખેલા એક લાખ ચાલીસ હજાર રૂપિયા પ્રાઈવેટ બસમાં ભૂલી ગયા હતા. તે દરમિયાન દુધાળા ગામ સુધીમાં પેસેન્જરો ઉતરી જતા આખી બસ ખાલી થઈ ગઈ હતી ત્યાર પછી બસે હોટલ મધુવન પર સ્ટોપ કર્યો હતો. તે સમયે ડ્રાઈવર (કલ્પેશભાઈ)ને ખબર પડી કે કોઈ પૈસા ભરેલી થેલી ભૂલી ગયું છે. તેણે આવીને પોતાના રામાધણી ટ્રાવેલ્સના માલિકને જાણ કરતા રૂપિયા ભરેલી થેલી આપી હતી. માલિકે પૈસા ગણાવ્યા એટલે એક લાખને ૪૦ હજાર રૂપિયા થયા, ત્યાર પછી ડ્રાઈવર કલ્પેશભાઈએ ધારીમાં ટ્રાવેલ્સની ઓફિસે જાણ કરી કે બસમાં રૂપિયાની થેલી કોઈ ભૂલી ગયું છે અને ઓફિસવાળાએ આધેડનો કોન્ટેક કરીને કહ્યું કે તમારા પૈસા તમે ભૂલી ગયા છો તો તમે મધુવન હોટલ પર અમારી બસ ત્યાં છે જઈને તમે તમારા પૈસા પરત લઈ લ્યો. રામાધણી ટ્રાવેલ્સના ડ્રાઈવર કલ્પેશભાઈએ માલિકને તેમની પૂરેપૂરી રકમ પરત કરીને ઈમાનદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# અમરેલી સિવિલ હોસ્પિટલમાંથી એક્ટિવા ચોરનારા બે પકડાયા

**ધારીના સુખપુર ગામની યુવતીએ નોંધાવી હતી ફરિયાદ**

અમરેલી, તા.૨૭

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં દવા લેવા આવેલી ધારીના સુખપુર ગામની યુવતીના એક્ટિવાની ચોરી થઈ હતી. આ અંગે પારુલબેન વિજયભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, તેઓ એક્ટિવા નંબર જીજે-૧૪-બીએચ-૩૫૭૨ લઈને અમરેલી સરકારી દવાખાનામાં આવ્યા હતા. તેમનું એક્ટિવા દવાખાનાના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું ત્યાંથી અજાણ્યા ઈસમ ઉઠાંતરી કરી ગયા હતા. જે બાદ પોલીસે તપાસ કરીને વિજયભાઈ વિરજીભાઈ મકવાણા(ઉ.વ.૪૦, રહે.નવી વસાહત, ધારી) તથા કિરીટ ઉર્ફે મેહુલભાઈ મધુભાઈ વાઘેલા (ઉ.વ.૩૬ રહે.પીઠવડી)ને ઝડપી પાડ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યુનિ.ની B.Ed.ની પરીક્ષામાં ગજેરા મહિલા બી.એડ્. કોલેજની પાંચ વિદ્યાર્થિનીઓની ઝળહળતી સિદ્ધિ

અમરેલી, તા.૨૭



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં લેવાયેલી B.Ed.ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત અમરેલીની શ્રીમતી એમ.જે. ગજેરા મહિલા બી.એડ્. કોલેજની પાંચ વિદ્યાર્થિનીઓએ પ્રથમ દસમાં સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ પાંચ વિદ્યાર્થિનીઓમાં લાઠીયા દીપિકા સી. ત્રીજું-૯૬.૧૨%, દેસાણી ઈશીકા એચ. ચોથું-૯૬.૦૪%, રાઠોડ વિશ્વા ડી. છઠ્ઠું-૯૫.૮૮%, મસરાણી પુષ્ટી એ. આઠમું-૯૫.૭૬% અને મકવાણા શીતલ આર.ને દસમું- ૯૫.૬૦ % સ્થાન પ્રાપ્ત થયેલ છે. આવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરવા બદલ તમામ વિદ્યાર્થિનીઓ અને સ્ટાફને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# દાતરડી ગામે પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો

**પતિ સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાઈ**

નાગેશ્રી, તા. ૨૭

રાજુલાના દાતરડી ગામે એક પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. સાસરિયાના અમાનુષી અત્યાચારથી કંટાળી દુધાળા ગામે પિયર આવીને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કાજલબેન વિજયભાઈ વાળાએ દાતરડી ગામે રહેતા વિજયભાઈ વલ્લભભાઈ વાળા - પતિ, પ્રભાબેન વલ્લભભાઈ વાળા - સાસુ, ચંદુભાઈ વલ્લભભાઈ વાળા - જેઠ તથા આશાબેન ચંદુભાઈ વાળા - જેઠાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ નાની-નાની વાતોમાં મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી, જેમ ફાવે તેમ ગાળો આપી અને શરીરે મુંઢમાર માર્યો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# દાતરડી ગામે નેશનલ હાઈવેના મોટા પુલ ઉપર અકસ્માતમાં કોડીનારનો યુવક ઈજાગ્રસ્ત

**ડુંગર પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ. એમ.એલ. ભેરડાએ વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત છે. દાતરડી ગામે નેશનલ હાઈવેના મોટા પુલ પર અકસ્માતમાં કોડીનારનો યુવક ઈજાગ્રસ્ત થયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ કોડીનારમાં રહેતા આસીફખાન અખતરખાન કુરેશી (ઉ.વ.૨૩) એ ટ્રેક્ટર રજી.નં.GJ-૦૭-BN-૪૩૦૯ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સોળ વ્હીલ લોડીંગ ટ્રક રજી. નં.GJ-૩૨-T-૮૦૮૧ નો લઈને દહેજથી રાજુલા અલ્ટ્રાટેક કંપની ખાતે જતા હતા. દાતરડી ગામે નેશનલ હાઈવેના મોટા પુલ ઉપર પહોચતા સામેથી રોન્ગ સાઈડમાં એક ટ્રેક્ટર રજી. નં.GJ-૧૭-BN-૪૩૦૯ નો ચાલક પોતાના હવાલાનું ટ્રેક્ટર પુરઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી તેમના ટ્રક સાથે ભટકાવ્યું હતું. જેમાં તેમને બન્ને હાથમાં તથા બન્ને પગમાં ઈજા થઈ હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના સનાળા ગામના પ્રૌઢને ખોટી ઓળખ આપી અજાણ્યા ઈસમે ૧.૫૫ લાખનો ચૂનો લગાડ્યો

**માતાના કમરનો ગોળો ફાટી ગયો છે કહ્યું હતું**

વડીયા, તા. ૨૭

વડીયાના સનાળા ગામના પ્રૌઢને ખોટી ઓળખ આપી અજાણ્યા ઈસમે વિશ્વાસ જીત્યો હતો. તેણે માતાને કમરનો ગોળો ફાટી ગયો છે, જેથી દવાખાને સારવાર અર્થે રૂપિયાની જરૂર છે તેમ કહી ૧,૫૫,૦૦૦ રૂપિયા લીધા હતા. બનાવ અંગે સનાળા ગામના બાઘાભાઈ જેરામભાઈ સાકરીયા (ઉ.વ.૭૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ઈસમે તે હરસુખભાઈ વલ્લભભાઈ ડોબરીયા રહે.વીંજીવડ વાળાનો દીકરો છે તેવું જણાવી તેમને તથા સાહેદને પોતાની માતાને કમરનો ગોળો ફાટી ગયો છે જેથી દવાખાને સારવાર અર્થે રૂપિયાની જરૂર છે તેવી વાત કરી વિશ્વાસમાં લીધા હતા. ઉપરાંત સાહેદ પાસેથી રોકડ રૂ.૧,૫૫,૦૦૦ સારવારના નામે મેળવી લઈ ઠગાઈ કરી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના જામકામાં મહિલાએ કરેલી આત્મહત્યાની ખોટી શંકામાં આધેડ પર જીવલેણ હુમલો

**૪૦ વર્ષ પહેલા બનાવ બન્યો હતો**

ખાંભા, તા. ૨૭

ખાંભાના જામકા ગામે એક મહિલાએ ૪૦ વર્ષ પહેલા આત્મહત્યા કરી હતી.

જેમાં એક પુરુષનો હાથ હોવાની આશંકામાં મૃતક મહિલાના પુત્રએ તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગે પુનાભાઈ નાનજીભાઈ મકવાણા (ઉ.વ.૫૫)એ ખોડાભાઈ ભોળાભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીના માતાએ આજથી ચાલીસ વર્ષ પહેલા પોતાની મેળે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

જેમાં તેમનો હાથ હતો તેવી ખોટી શંકા આરોપીએ કરી અને તેનું મનદુઃખ રાખી તેઓ પોતાની વાડીએથી ઘરે બળદગાડું લઈને આવતા હતા ત્યારે બાલાભાઈ મેઘાભાઈ રાઠોડના ઘર પાસે પહોંચતા ધારીયાના ઘા મારી મુંઢ ઈજાઓ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ખાંભા પોલીસ સ્ટેશનના પ્રો.એ.એસ.આઈ આર.એમ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૨૮-૦૪-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૪૩, સૂર્યાસ્ત-૦૬:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

**તા.૨૮-૦૪-૨૦૨૫ સોમવાર**

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભના રૂપમાં મળશે.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે.

કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે.

વૃશ્ચિક: આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. આવક કરતા ખર્ચ વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

# અમરેલીના અનુકંપા ફાઉન્ડેશન દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે સોમનાથ-દ્વારકાની નિઃશુલ્ક યાત્રાનું ભવ્ય આયોજન

અમરેલી, તા.૨૭



અમરેલી સ્થિત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના ૧૦૦૦ વરિષ્ઠ નાગરિકોને સોમનાથ અને દ્વારકાની નિઃશુલ્ક યાત્રા કરાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ સંકલ્પને સાકાર કરવા માટે દર મહિને ૫૦ વડીલોને તીર્થયાત્રા કરાવવામાં આવશે. આ અભિયાનના પ્રથમ ચરણનો પ્રારંભ તા. ૨૮મી એપ્રિલના સોમવારે સવારે ૮ વાગ્યે અમરેલીના રેડક્રોસ ભવનથી થશે. આ યાત્રાને પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. આ શુભ પ્રસંગે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા અને નાગરિક બેંક તથા અમરેલી માર્કેટ યાર્ડના ચેરમેન પી. પી. સોજીત્રા પણ વિશેષ ઉપસ્થિત રહેશે. ત્રણ દિવસની આ યાત્રા દરમિયાન વડીલો તુલસીશ્યામ, દ્રોણેશ્વર મહાદેવ, પ્રાચી, સોમનાથ મંદિર, ત્રિવેણી સંગમ, ભાલકા તીર્થ, પોરબંદર ખાતે મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન કીર્તિ મંદિર, સુદામા તીર્થ અને સાંદીપની આશ્રમ, હર્ષદ માતા મંદિર, દ્વારકા ખાતે દ્વારકાધીશ મંદિર, બેટ દ્વારકા અને વીરપુર જલારામ બાપાની જગ્યાની મુલાકાત લેશે. આ યાત્રાને ગુજરાત સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડની શ્રવણ તીર્થ દર્શન યોજના અંતર્ગત આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયો છે.

# ખોંખારો ખાવાની ના પાડતા પ્રૌઢને ફટકારીને ધમકી આપી

**રાજુલાના દેવપરા-ભેરાઇ ગામે બનાવ બન્યો**

રાજુલા, તા.૨૭

રાજુલાના દેવપરા-ભેરાઇ ગામે ખોંખારો ખાવાની ના પાડતાં પ્રૌઢને ફટકારીને ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે મનસુખભાઈ બોઘાભાઈ વાજા (ઉ.વ.૬૦)એ ભેરાઈ ગામે રહેતા લાભુભાઈ જીણાભાઈ વાજા, વનરાજભાઈ લાભુભાઈ વાજા તથા ભાવેશભાઈ લાભુભાઈ વાજા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ કામના ફરિયાદીના મીઠાના આગરે લાભુભાઈ વાજા ખોંખારો ખાતા હતા. તેમણે તેને ખોંખારો ખાવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડાના ધોકા વડે માર માર્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા ભંડારિયા ગામે “સ્ત્રીઓને નેતૃત્વ દરમિયાન આવતા અવરોધો” પર સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૭



જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત રહેલ કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા (અમરેલી) ખાતે “Her turn to Lead: Breaking Barriers, Building Futures” પર એક દિવસીય સેમિનાર/તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ભાવનાબેન ગોંડલીયા (સ્ટેટ સેક્રેટરી બીજેપી વુમન્સ વિંગ) હાજર રહ્યા હતા તેમજ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ આયોજન ડૉ. જીજુ વ્યાસ, ડૉ. મીનાક્ષી બારિયા તેમજ ડૉ. તૃપ્તિ ડૉડિયા દ્વારા કરવામાં આવ્યુ હતું. જેમાં કુલ ૯૭ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો તેમજ જાતીય સતામણી થાય તો કયા પગલા લઈ શકાય તે અંગે માહિતી મેળવી હતી.

# સા.કુંડલામાં છોકરી બાબતે ફોન ઉપર બોલાચાલી બાદ યુવક પર જીવલેણ હુમલો

**યુવકના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલામાં છોકરી બાબતે ફોન પર થયેલી બોલાચાલી મુદ્દે યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે ભુપતભાઈ રામજીભાઈ પાટડીયા (ઉ.વ.૫૫)એ રાહુલ પ્રવિણભાઈ ઝીંઝવાડીયા, અમીત ધીરૂભાઈ નગવડીયા, ચિરાગ વાઘજીભાઈ નગવડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરાને કોઈ છોકરી બાબતે રાહુલ ઝીંઝવાડીયા સાથે ફોન ઉપર બોલાચાલી થઈ હતી. તેમનો દીકરો તથા સાહેદ રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યે હાથસણી રોડ ઉપર આવેલ માનવ મંદિર પાસે ગયા હતા ત્યારે આરોપીઓએ સાથે મળી ગાળા-ગાળી કરી હતી. તેમજ રાહુલે તેમના દીકરાને મારી નાખવાના ઈરાદે માથાની પાછળના ભાગે લાકડાના ધોકાના ઘા મારતા જીવલેણ ગંભીર ઈજા કરી લોહીલુહાણ કર્યો હતો.

તેમજ તેની સાથે આવેલા અન્ય બંનેએ પણ તેમના દીકરાને શરીરે ઢીકાપાટુનો માર મારી ગાળો આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એસ. મુસાર વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# પાકિસ્તાન ચારેય બાજુથી ઘેરાયું

ભારત લશ્કરી પગલા લે તે પહેલા જ બલુચિસ્તાને પાકિસ્તાન પર એટેક કર્યો છે. એક બાજુ ભારતનો ભય બીજી બાજુ અફઘાનિસ્તાનના પાક સેના પરના ગોળીબાર હવે ત્રીજી બાજુએ બલુચિસ્તાને પણ પાકિસ્તાન પર મોટો એટેક કર્યો છે. ચોથી બાજુએ ભારતની વોટરની વોર. આમ પાકિસ્તાન ચારેય બાજુથી કપરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. બલુચિસ્તાને એટેક કર્યો છે જેમાં પાકિસ્તાનના ૧૦ કરતા વધારે સૈનિકોને ઠાર કર્યા છે. બલુચિસ્તાનનો વિવાદ નવો નથી જુનો છે અને તે સ્વતંત્ર થવા માટે પાકિસ્તાન સામે હુમલા કરે છે. આમ હવે ભારત કરે તે પહેલા જ પાકિસ્તાનના ટુકડા થવાનું શરૂ થઈ ચૂક્યું છે. બલુચિસ્તાન પાકિસ્તાન સંઘર્ષ એક જટિલ અને લાંબા સમયથી ચાલી રહેલો મુદ્દો છે, જેના મૂળભૂત કારણો ૧૯૪૭માં ભારત અને પાકિસ્તાનના ભાગલા વખતે જોવા મળે છે. બલુચિસ્તાન, જે પાકિસ્તાનનો સૌથી મોટો પરંતુ ઓછી વસ્તીવાળો પ્રાંત છે, તેની પાસે કુદરતી સંસાધનોનો ભંડાર છે, પરંતુ તે વિકાસની દૃષ્ટિએ પાછળ રહી ગયો છે. આ સંઘર્ષના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે. બલુચિસ્તાન ઘણા સમયથી વિવિધ પડકારોનો સામનો કરી રહ્યું છે. આ પ્રદેશ આર્થિક રીતે પછાત રહ્યો છે અને અહીં વિકાસની ગતિ ધીમી રહી છે. કુદરતી સંસાધનોથી ભરપૂર હોવા છતાં, સ્થાનિક લોકોને તેનો પૂરતો લાભ મળ્યો નથી. આ ઉપરાંત, રાજકીય અસ્થિરતા અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓએ પણ પ્રદેશની શાંતિ અને વિકાસને અસર કરી છે. ભાગલા સમયે, બલુચિસ્તાનમાં ચાર રજવાડાં હતાં: ખરાન, મકરાન, લાસબેલા અને કલાત. કલાતે સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો હતો, જ્યારે અન્ય ત્રણ પાકિસ્તાન સાથે જોડાયા હતા. જો કે, પાકિસ્તાને ૧૯૪૮માં કલાત પર દબાણ લાવીને તેને પણ પોતાનામાં ભેળવી દીધું, જે બલુચ રાષ્ટ્રવાદીઓમાં ઊંડો અસંતોષ પેદા કરી ગયો. બલુચ લોકોને પાકિસ્તાનની રાજકીય પ્રક્રિયામાં હંમેશાં હાંસિયામાં ધકેલવામાં આવ્યા છે. તેમનો અવાજ સાંભળવામાં આવતો નથી અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમની ભાગીદારી ઓછી જોવા મળે છે. બલુચિસ્તાન કુદરતી ગેસ અને ખનીજોથી સમૃદ્ધ છે, પરંતુ સ્થાનિક લોકોને તેના લાભથી વંચિત રાખવામાં આવ્યા છે. મોટા ભાગના સંસાધનોનું શોષણ પાકિસ્તાનના અન્ય પ્રાંતો કરે છે, જ્યારે બલુચિસ્તાનમાં ગરીબી અને બેરોજગારીનું પ્રમાણ ઊંચું રહે છે. બલુચ લોકો પોતાની આગવી ભાષા અને સંસ્કૃતિ ધરાવે છે, પરંતુ પાકિસ્તાનની કેન્દ્ર સરકારે તેમની સાંસ્કૃતિક ઓળખને પ્રોત્સાહન આપવામાં ઓછો રસ દાખવ્યો છે. બલુચિસ્તાનમાં પાકિસ્તાન સામે અલગ અલગ સમયે વિદ્રોહ થયા છે. ૧૯૪૮-૧૯૫૦: પાકિસ્તાન દ્વારા કલાતને ભેળવી દેવાના વિરોધમાં પ્રથમ વિદ્રોહ થયો. ૧૯૫૮-૧૯૬૦: નવાબ નૌરોઝ ખાનના નેતૃત્વમાં બીજો વિદ્રોહ થયો, જેમાં તેમણે સ્વતંત્રતાની માંગણી કરી. ૧૯૬૨-૧૯૬૩: શેર મોહમ્મદ બિજરાની મર્રીએ ત્રીજો વિદ્રોહ કર્યો, જેમાં પાકિસ્તાની સેનાને પાછી ખેંચવાની માંગણી કરવામાં આવી.૧૯૭૩-૧૯૭૭ તત્કાલીન વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો દ્વારા બલુચિસ્તાનની પ્રાંતીય સરકારને બરખાસ્ત કરવામાં આવ્યા બાદ ચોથો મોટો વિદ્રોહ થયો. ૨૦૦૦ થી અત્યાર સુધીના ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં શરૂ થયેલો આ વિદ્રોહ હજી પણ ચાલુ છે. આ સમયગાળામાં બલુચ રાષ્ટ્રવાદી જૂથોએ હુમલાઓ તેજ કર્યા છે. હાલમાં, બલુચિસ્તાનમાં તણાવપૂર્ણ સ્થિતિ પ્રવર્તે છે. બલુચ લિબરેશન આર્મી (BLA) જેવા અલગતાવાદી સંગઠનો પાકિસ્તાની સુરક્ષા દળો પર હુમલા કરતા રહે છે. પાકિસ્તાની સેના પણ આ વિદ્રોહને કચડી નાખવા માટે સખત કાર્યવાહી કરી રહી છે, જેના કારણે માનવાધિકાર ઉલ્લંઘનના આરોપો પણ લાગી રહ્યા છે. બલુચ અલગતાવાદી જૂથો પ્રાંતની કુદરતી સંપત્તિ પર વધુ નિયંત્રણ અને રાજકીય સ્વાયત્તતાની માંગ કરી રહ્યા છે, જ્યારે કેટલાક સંપૂર્ણ સ્વતંત્રતાની પણ માંગણી કરી રહ્યા છે.પાકિસ્તાન સરકાર બલુચિસ્તાનને પોતાનો અભિન્ન ભાગ માને છે અને અલગતાવાદી માંગણીઓને ફગાવે છે. સરકારનું માનવું છે કે આ વિદ્રોહ બહારના લોકો દ્વારા ભડકાવવામાં આવે છે. માનવાધિકારની સ્થિતિ: આ સંઘર્ષમાં બંને તરફથી માનવાધિકારનું ઉલ્લંઘન થવાના અહેવાલો છે. બલુચ લોકો ગુમ થવા અને ગેરકાયદેસર અટકાયત જેવા મુદ્દાઓનો સામનો કરી રહ્યા છે. બલુચિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા લાવવા માટે રાજકીય વાટાઘાટો અને સમાધાનની જરૂર છે. સ્થાનિક લોકોની ફરિયાદોને સાંભળવી અને તેમનો વિશ્વાસ જીતવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરીને જ આ પ્રદેશમાં લાંબા ગાળાની શાંતિ સ્થાપી શકાય છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

## સમય, ઝડપ અને અંતર

**નમસ્કાર મિત્રો,**

સમય, ઝડપ અને અંતર પ્રકરણમાં આપણે આગળ વધીએ, આ પ્રકરણના મોટાભાગના પ્રશ્નોનો ઉકેલ મુળ સૂત્ર ઝડપ = અંતર/સમય અર્થાત d=s/t અને તેના પરથી મળતા બે સૂત્રો પરથી જ મળે છે. પરંતુ આ પ્રકરણના વિશિષ્ટ દાખલાઓ આ સૂત્રનો ઉપયોગ કરી મેળવતા થોડો સમય વધારે જોઈએ છે અને રીત થોડી લાંબી થાય છે. સ્પર્ધાત્મક પરીક્ષા માટે સમય બચાવશે જરૂરી છે. આથી અહી ટૂંકી રીત (short trick) માટેના સૂત્રો આપેલા છે. પ્રશ્નોનો ઉકેલ બંને રીતે આપવા પ્રયત્ન કરેલો છે.

● હવે સમજુતી આગળ જોઈએ

● જો કોઈ વ્યક્તિ તેની સામાન્ય ઝડપ કરતા n ગણી ઝડપ વધારે તો નિશ્ચિત સ્થાન પર તે વહેલો પહોંચશે. ધારોકે તે t જેટલો સમય ઓછો લે છે. તો તેની સામાન્ય ઝડપ વડે અંતર કાપતા લાગતો સમય નીચેના સૂત્ર દ્વારા મેળવી શકાય.

સામાન્ય ઝડપ વડે અંતર કાપતા લાગતો સમય = nt/n-1

ઉદાહરણ ૧: એક વ્યક્તિ નિશ્ચિત સ્થાને પહોંચવા તેની સામાન્ય ઝડપ કરતા તે ચાર ગણી ઝડપ વધારે છે. તો તે ૬ કલાક વહેલો પહોંચે છે. જો તે તેની સામાન્ય ઝડપે ચાલે તો નિશ્ચિત સ્થાને પહોંચતા લાગતો સમય કેટલો ?

(A) 6 કલાક (B) 8 કલાક (c) 7 કલાક (D) 10 કલાક

ઉકેલ રીત ૧: ધારોકે નિશ્ચિત સ્થાન સુધીનું અંતર d કિમી, સામાન્ય ઝડપ ૫ કિમી/ કલાક અને લાગતો સમય t કલાક છે.

તેથી d=s x t ......... (1)

હવે, ઝડપ ચાર ગણી વધારે છે. તેથી નવી ઝડપ s = 45 કિમી/કલાક. તે ૬ કલાક વહેલો પહોંચશે છે. તેથી લાગતો સમય T= t-6 કલાક

નવી ઝડપ પ્રમાણે : d= S x T તેથી d = 45 x (t - 6) .......(2)

d નું મુલ્ય સમાન છે. તેથી (1) અને (2) સરખાવતા, S x T = 45 x( t - 6)

તેથી t = 4 ( t - 6) = 4t -24 તેથી 3t = 24 તેથી <u>t=8</u> કલાક

રીત ૨ : (short trick)

વ્યક્તિ સામાન્ય ઝડપ કરતા ૪ ગણી ઝડપ કરતા તે ૬ કલાક વહેલો પહોંચે છે. તેથી n= 4 અને t = 6 કલાક

સામાન્ય ઝડપે નિશ્ચિત સ્થાને પહોંચતા લાગતો સમય = nt/n-1

=4x6/4 -1=24/3=8 કલાક

Ans : (B)

● જો કોઈ વ્યક્તિ તેની સામાન્ય ઝડપ કરતા n માં ભાગની ઝડપ ઘટાડે તો તે નિશ્ચિત સ્થળે મોડો પહોંચશે. ધારો કે તે t જેટલો સમય વધુ લે છે. તો તેને તેની સામાન્ય ઝડપ વડે અંતર કાપતા લાગતો સમય નીચેના સૂત્ર દ્વારા મેળવી શકાય.

સામાન્ય ઝડપ વડે અંતર કાપતા લાગતો સમય = nt/1-n

ઉદાહરણ ૨: એક વ્યક્તિ ઘરેથી નિશ્ચિત સ્થળે જવા તે તેની સામાન્ય ઝડપ કરતા ચોથા ભાગની ઝડપ ઘટાડે છે. તો તે ૬ કલાક મોડો પહોંચે છે. તો તેને સામાન્ય ઝડપે નિશ્ચિત સ્થળે પહોંચતા લાગતો સમય કેટલો ?

(A) 2 કલાક (B) 4 કલાક (C) 6 કલાક (D) 8 કલાક

ઉકેલ : રીત ૧: ધારોકે વ્યક્તિની સામાન્ય ઝડપ ૫ કિમી / કલાક અંતર d કિમી અને લાગતો સમય t કલાક છે. તેથી d= s x t ..... (1)

હવે, વ્યક્તિ તેની ઝડપ ચોથા ભાગની કરે છે. એટલે કે તેની નથી ઝડપ

S = s/4 કિમી/કલાક અને લાગતો સમય T= t + 6 કલાક. તેથી d= નવી ઝડપ x લાગતો સમય

તેથી d=s/4 x (t+6) ......... (2)

અંતર d સરખુ જ છે. તેથી (1) અને (2) સરખાવતા,

st = s/4 x ( t + 6 )

તેથી 4t = t + 6 તેથી 3t = 6 તેથી t = 2 કલાક.

રીત ૨ : વ્યક્તિ તેની ઝડપ ચોથા ભાગની કરે છે અને ૬ કલાક વધુ લે છે.

તેથી n = 1/4 અને t = 6

હવે, સામાન્ય ઝડપે પહોચતા લાગતો સમય = nt/(1- n ) = 1/4 x 6 / 1 - 1/4

= 6/4 / 3/4 = 2 કલાક.

Ans : (A)




● જો કોઈ વ્યક્તિ A થી B સુધીનું અંતર x કિમી / કલાકની ઝડપથી કાપે તો t1 સમય જેટલો મોડો પહોંચે છે. તેટલુ જ અંતર y કિમી / કલાકની ઝડપથી કાપે તો t2 સમય જેટલો વહેલો પહોંચે છે. તો A થી B સુધીનું અંતર નીચેના સૂત્ર દ્વારા મેળવી શકાય.

A થી B સુધીનું અંતર, d = xy/y-x (t1 + t2 )

ઉદાહરણ દ્વારા સમજીએ

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭**

ઉદાહરણ ૩ : એક જ સ્થળેથી સંજય ૫ કિમી / કલાકની ઝડપે ચાલીને રેલ્વે સ્ટેશને પહોંચે છે. જયારે તેજ સ્થળેથી વિજય ૬ કિમી/કલાકની ઝડપે રેલ્વે સ્ટેશને પહોંચે છે. બંને વચ્ચે લાગેલા સમયનો તફાવત ૧૫ મિનિટ છે. તો તે સ્થળેથી રેલ્વે સ્ટેશન કેટલુ દુર હશે ?

(A) 11 કિમી (B) 5.5 કિમી (c) 7.5 કિમી (D) 6 કિમી

ઉકેલ:રીત ૧ :ધારોકેઘરઅનેરેલ્વેસ્ટેશનવચ્ચેનુંઅંતરdકિમીછે.સંજયમાટે, s = 5 કિમી / કલાક અને ધારોકે લાગતો સમય t2 કલાક છે. તેથી t1 = d/s = d/5

વિજય માટે, s = 6 કિમી / કલાક અને ધારોકે લાગતો સમય t2 કલાક છે. તેથી t2 = d/s = d/6

બંને વચ્ચે લાગતા સમયનો તફાવત ૧૫ મિનિટ છે.

તેથી d/5 - d/6 = 15/60

તેથી 6d - 5d/30= 1/4 તેથી d = 15/2 = 7.5 કિમી

રીત ૨ : (short trick) અહીં x = 5 કિમી / કલાક અને y = 6 કિમી / કલાક

સમયનો તફાવત = 15 મિનિટ = 15/60 = 1/4 કલાક

હવે, નિશ્ચિત સ્થળેથી રેલ્વે સ્ટેશન સુધીનું અંતર

d = xy/y-x સમયનો તફાવત = 5 x 6 / 6 - 5 X 1/4 = 30/4 = 7.5 કિમી

Ans : (C)

ઉદાહરણ ૪ : જો રમેશ ૭ કિમી / કલાકની ઝડપે ચાલે તો તે શાળામાં ૯ મિનિટ મોડો પહોંચે છે. પણ જો તે ૮ કિમી/કલાકની ઝડપે ચાલે તો ૬ મિનિટ વહેલો પહોંચે છે. તો શાળા કેટલી દૂર હશે? ( GPSC 1 - 2, 2017 )

(A) 28 કિમી (B) 21 કિમી (c) 16 કિમી (D) 14 કિમી

ઉકેલ : અહી x = 7 કિમી / કલાક, y = 8 કિમી / કલાક સમયનો કુલ તફાવત = 6 મિનિટ વહેલો + 9 મિનિટ મોડો

= 15 મિનિટ

શાળાનું અંતર = X x Y/ ( X - Y) x સમયનો કુલ તફાવત

= 7 x 8/ ( 7 - 8) x 15/60

= 56/1 x 1/4 = 14 કિમી

Ans : (D)

ઉદાહરણ ૫ : એક માણસને ૨૪ કિમીનું અંતર ૯૦ મિનિટમાં કાપવુ છે. જો તે 1/3 જેટલુ અંતર 2/3 સમયમાં કાપે તો બાકીનું અંતર કાપવા તેને કેટલી ઝડપ રાખવી પડશે ?

(A) 28 કિમી/કલાક (B) 32 કિમી/કલાક
(c) 36 કિમી /કલાક (D) 42 કિમી/કલાક

ઉકેલ : 1/3 જેટલુ અંતર 2/3 જેટલા સમયમાં કાપે છે.

તેથી 24 X 1/3 = 8 કિમી

90 મિનિટ X 2/3 = 60 મિનિટ

આમ, 8 કિમીનું અંતર 60 મિનિટમાં કાપે છે.

હવે, બાકી રહેલુ અંતર = 24 - 8 = 16 કિમી

અને બાકી રહેલો સમય = 90 - 60 = 30 મિનિટ

એટલે 16 કિમીનું અંતર તેમણે 30 મિનિટમાં કાપવુ પડશે.

રાખવી પડતી ઝડપ = અંતર / સમય

= 16 / 30/60 = 32 કિમી / કલાક

Ans : (B)

# જીવનનું સત્ય અને જીવનનું સત્વ: કેટલીક સત્ય હકીકતો સાથે




આપણે જીવન જીવતા હોઈએ ત્યારે આપણને ઘણા પ્રકારની કમી મહેસૂસ થતી હોય છે. સમયની, સંબંધોની, માન-પાનની, લાગણીની, સ્વાસ્થ્યની અને સંપત્તિની વગેરે પ્રકારની ઉણપ અનુભવાતી હોય છે. એમાં સૌ કોઈને અનુભવાતી સૌથી કોમન કમી એટલે રૂપિયાની. કેમકે એનું કોઈ ચોક્કસ માપ હોતું નથી. જેની પાસે જેટલું હોય એનાથી વધુ મેળવવાની ઈચ્છા સૌ કોઈને હોય જ એ સ્વાભાવિક છે પણ સાથે સાથે જેટલું હોય, જેવું હોય તે પરિસ્થિતિ મુજબ સારી રીતે જીવન જીવી લેવું જોઈએ. ઘણીવાર તો એવું જોવા મળે છે કે હોય તેમાંથી પોતાના માટે કે પરમાર્થના કામ માટે વાપરી શકતા નથી અને હજી ઘટે છે ની લાહ્યમાં વધુ ને વધુ મેળવવા વલખાં મારે છે. તમારી પાસે કેટલી સંપત્તિ છે એના કરતાં કેટલો અને કેવો એનો ઉપયોગ કરો છો એ બહુ મહત્વની વાત છે. અને આમ જોઈએ તો જે તે સમયની જરૂરિયાત માટે જરૂર પૂરતું ધન હોવા છતાં ઘણીવાર આપણને એવું લાગ્યા કરે છે કે આપણી પાસે વાપરવા માટે પૂરતા પૈસા નથી. જ્યારે સાચું તો એ છે કે અમીર હોય કે ગરીબ જેની જેવી કેપેસિટી હોય તેમાંથી જ્યારે આપણું મૃત્યુ થાય ત્યારે આપણી પાસે રહેલ મોટા ભાગનું ધન ખર્ચ્યા વગરનું રહી જાય છે. એમાંય ખાસ કરીને પંડ માટે સારું કપડું ના લીધું હોય અને પેટ માટે સારું ભોજન ના લીધું હોય અને આખી જિંદગી ઢસરડો કરીને સંતાનો માટે ભેગુ કર્યું હોય પછી નિરાતે બેસીને ભોગવવાનું અને પ્રભુ ભજનનું ટાણું આવે ત્યાં યમનું તેડું આવી જાય પછી જે કંઈ મરણમૂડી ભેગી કરી હોય તે ખર્ચ્યા વગરની પડી રહે છે. એવું નથી કે પૈસાદારને જ આ લાગુ પડે છે. માણસની સ્થિતિ તેવી હોય, એની હેસિયત મુજબના ખર્ચની આ વાત છે. માણસ ગરીબ હોય કે અમીર, વાત જીવનમાં પૈસા કમાવવાની સાથે સારી રીતે જીવન જીવવા પૈસા વાપરવાની છે. એક મોટા ઉદ્યોગપતિનું અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થયું. તે તેની વિધવા પત્ની માટે બેંકમાં અને રોકડા અબજો રૂપિયા મૂકતો ગયો. પછી વિધવાએ એના જ ઘરના જવાન નોકર સાથે લગ્ન કરી લીધા. નોકરે કહ્યું કે પહેલા મને એવું લાગતુ હતું કે હું મારા માલિક માટે કામ કરું છું. પણ હવે મને સમજાય છે કે હકીકતમાં મારા માલિક આખી જિંદગી મારા માટે કામ કરતા હતા. અને એટલે જ એવું કહેવાય છે કે ભેગુ કરે એ નહિ પણ ભોગવે એજ સાચા ભાગ્યશાળી ગણાય છે. અને જરૂરી એ છે કે વધારે ધન ભેગુ કરવાના બદલે વધારે સારી રીતે જીવવા ધન વાપરતું રહેવું. સારા આરોગ્ય અને સ્વસ્થ શરીર માટે પ્રયત્નો કરવા. તમે વિચારશો તો ખ્યાલ આવશે કે આપણી પાસે જે કંઈ સાધન સંપદા હશે તેનો મોટો હિસ્સો વપરાયા વગરનો રહી જતો હશે. અથવા તો બીજી રીતે એમ પણ કહી શકાય કે જે તે વસ્તુનો આપણે બેસ્ટ ઉપયોગ કરી શકતા નથી, આપણે પુરેપુરો લાભ લઈ શકતા નથી, પછી એ વસ્તુ હોય કે રૂપિયા હોય કે વડીલોનો વારસો હોય. કેટલાક ઉદાહરણ જોઈએ. પૂરા જીવનની કમાણીનો ૭૦ ટકા હિસ્સો બીજા માટે પડ્યો રહે છે. મોંઘા ફોનના ૭૦ ટકા ફંકશન બિનઉપયોગી કે વણવપરાયેલ રહી જાય છે. મોંઘી હાઈ સ્પીડ કારની ૭૦ ટકા સ્પીડનો ઉપયોગ થઈ શકતો નથી. આલીશાન બંગલાની ૭૦ ટકા જગ્યા ખાલી જ પડી રહે છે અથવા કોઈ રહેવાવાળા હોતા નથી. આખા ભરેલા કબાટમાંથી ૭૦ ટકા કપડાં તો પહેર્યા વગરના પડ્યા રહે છે. આપણને દિવસની મળતી ૨૪ કલાકમાંથી ૮ કલાક સૂવામાં કાઢ્યા પછી વધેલી ૧૬ કલાકનો કેટલોય હિસ્સો નકામી માથાકૂટ કે પારકી પંચાતમાં વપરાઈ જાય છે. આવુ જ આપણી પાસે રહેલી દરેક ચીજ-વસ્તુનું હોય છે. અરે આપણામાં રહેલી બુદ્ધિ કે શક્તિનો ૭૦ ટકા ભાગ આપણે વાપરતા નથી. ૭૦ ટકા સદ્ગુણોનો જીવનમાં ઉપયોગ કરી શકતા નથી. તો હવે સવાલ એ છે કે જે ૩૦ ટકા વાપરીએ છીએ તે કેવી રીતે વાપરશો? સ્વસ્થ રહેવા માટે સમય અને નાણાં વાપરો. નિયમિત જીવન જીવવાની ટેવ પાડો. તરસ ના હોય તો પણ પાણી પીતાં રહો. પોતાના અહમનો ત્યાગ કરીને સૌને હળો મળો. ગમતી સેવાકીય પ્રવૃત્તિ કરો અને એના માટે સમય અને પૈસા બન્ને વાપરો. શક્તિશાળી હોવા છતાં શાંત, સરળ અને નમ્ર રહો. ધનિક ન હોવા છતાં પણ વ્યવસ્થિત રહો. જીવનનો સાચો મતલબ સમજો. જવાબદારીઓથી ભાગવું બહુ સહેલું છે પણ એ સ્વાર્થથી ભરેલું હોવાથી સાચું સુખ નહિ મળે જ્યારે જવાબદારી માટે તન, મન અને ધનનો વધુમાં વધુ ઉપયોગ કરવાથી નિજાનંદ મળશે. હૃદય કેવું ચાલે છે એ ડોક્ટર બતાવી શકે છે પણ હૃદયમાં શું ચાલે છે એના માટે તો સાચા સ્નેહીજન સમાન સખા કે મિત્રો જ જોઈએ. કેટલું છે એ નહિ પણ જે છે એના માટે તમારો અભિગમ મહત્વનો છે. તમે તમારી ગમે તેવી પરિસ્થિતિમાં પણ બીજાના ભલા માટે કેવું વિચારો છો એ ખૂબ મહત્વનું છે. એકવાર એક ઝૂંપડામાં કડકડતી ઠંડીમાં બે નાના છોકરા છાપાં ઓઢીને સૂતા હતા. એમની પાસે ઓઢવાનો ધાબળો નહોતો. એટલામાં એક છોકરાએ બીજા છોકરાને કહ્યું કે જેમની પાસે ઓઢવા માટે છાપાં નહિ હોય એનું શું થતું હશે! આમ કેટલું કમાવ છો એની સાથે કેવું જીવો છો અને કેવું વિચારો છો એ ખૂબ મહત્વનું છે. સૌને પ્રેમ કરો, સૌનો ખ્યાલ રાખો, નમ્રતાભર્યો વહેવાર કરો, સૌને માન આપો, જીવનનો આનંદ લેવા માટે એકબીજા સાથે જોડાયેલ રહો આ જ સાચું જીવન છે. કોઈની સાથે બનાવટ કરવી સહેલી છે પણ કોઈને આપણા બનાવવા ખૂબ અઘરું છે.



મનન ચિંતન
ભરત બાવીશી

# નક્ષત્ર પ્રમાણે વરસાદનું પાણી પેકિંગ કરી બિઝનેસ કરતો યુવાન







ઉનાળાના ધગધગતા તાપમાં ૪૨ થી ૪૫ ડિગ્રી તાપ વચ્ચે બળ-બળતી બપોરે લુ-નો વાયરો સહન કરતો ખેડૂત ખેતરમાં ખેડ કરતો હશે, તલ-મગફળી, શાકભાજી જેવા ઉનાળુ પાકોમાં પિયત આપવાનું કામ કરતો હશે. શિયાળામાં ઠંડી સહન કરે, ચોમાસામાં મેઘલી રાત્રે આકાશે વીજળી અને વરસાદ વચ્ચે ઉભા પાકનું રક્ષણ કરે. આવી વિષમ પરિસ્થિતિઓનો સામનો કરે છતાં પોતાના પરિવારનાં પછેડીના ચાર છેડા ભેગા થતાં નથી. કારણ ખેડૂતોમાં એકતાનો અભાવ, ખેડૂતોનાં નામે મત માંગનારાઓ ફોરચ્યુનર ગાડીમાં ફરે, યોજનાઓ બનાવનારા અધિકારીઓ એસી ઓફિસોમાં બેસી બણગા ફૂંકે છતાં અન્નદાતા મહાન. કારણ કે અનેક સમસ્યાઓ વેઠીને કદાચ કાલે સારો સમય આવશે એ રાહમાં ખેડૂતો અને ખેતમજૂરો બેઠા છે. આજે ખેતીમાં ભણતર સાથેની પેઢી આવી છે. એટલે આધુનિક કૃષિજ્ઞાન સાથે ખેતીની જીવન નિર્વાહ પધ્ધતિમાંથી આર્થિક ઉપાર્જન સાથે વ્યવસાયલક્ષી શરૂઆત થઈ છે. આજે ખેડૂતો વેલ્યુએડીશન કરતા થયા છે. તેમાં સરકારની મદદ પણ મળે છે. ગામડા ગામમાં કદાચ ભણતર ઓછું હોઈ શકે પણ ખાનદાની સાહસ અને માણસાઈની ક્યારેય ઉણપ જોવા નથી મળતી. જૂનાગઢ જિલ્લાનાં ખડીયા ગામના ઉત્સાહી યુવાન રાહુલભાઈ અમૃતલાલ કાચા ૩૫ વર્ષિય યુવાને એમ.એ.બી.એડ. સુધીનો અભ્યાસ કરીને ભારતીય પ્રાચીન ગુરૂકુળ શિક્ષણ પધ્ધતિમાં જબરો રસ એટલે શિક્ષણ સેવા સાથે જોડાયા. શારગુલ શીશુ વિહાર સુરત-વડોદરામાં સંસ્થાઓ થકી મૂળ ભારતીય શિક્ષણ પધ્ધત્તિ અનુસાર શિક્ષણ આપવાની વ્યવસ્થા તેઓએ ઉભી કરી. પોતે શિક્ષણનો જીવ સાથે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા વિશેનું જ્ઞાન પણ ખરૂ એટલે કંઈક નવું કરવાની નેમ સાથે ૨૦૨૧માં કુદરતના અમૂલ્ય ખજાના સમાન પાણીના વ્યવસાયમાં ઝંપલાવ્યું અને તે પણ વરસાદ આધારીત નક્ષત્ર પ્રમાણે પાણી સ્ટોરેજ કરીને શુધ્ધ પાણી આપવાનો પ્રયત્ન કર્યો. આજે નવી અને યુવા પેઢીને કદાચ ચોમાસા દરમ્યાન નક્ષત્રનો ખ્યાલ ઓછો હશે. પરંતુ આદ્રા, મઘા, પુષ્ય નક્ષત્રોનું પાણી સ્ટોરેજ કરવા અલગ-અલગ ૮ લાખ લીટર સુધીના ટાંકા બનાવ્યા છે અને સ્ટોરેજ કરે છે. રાહુલભાઈનાં જણાવ્યા અનુસાર, આ નક્ષત્રોના પાણી પિવાથી પાચન શક્તિ સારી રહે છે. અનુકૂળ ઉર્જાનો સંચાર થાય છે. જે સકારાત્મક ઉર્જા આપે છે. વરસાદી પાણી ઓઝોન અને હવા દ્વારા શુધ્ધ થયેલું હોય છે. તેમાં વધુ ઓક્સિજન અને મિનરલ્સ હોય છે. ત્રિદોષ શાંત કરે છે. વાત, પિત્ત, કફનું બેલેન્સ કરે છે, ૬૦૦ એમ.એલ, ૧ લીટર અને ૨૦ લીટર કેન ઝારમાં હોમ ડિલિવરી આપવામાં આવે છે. આ ઉપરાંત વરસાદી પાણી જમીનમાં રિચાર્જ કરવા માટે પણ રાહુલભાઈ લોકોને સમજ આપે છે. જળ વિના જીવન શક્ય નથી. રાહુલભાઈનો સંપર્ક નં.૭૮૧૮૦ ૮૮૫૨૦ છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

**તિખારો**

**હવે એ શબ્દો અને પ્રતિક્ષા કરવાની ઈચ્છા નહિ થાય કારણ કે કાયમ તૂટતો વિશ્વાસ અને દગાખોરી પછી હવે કદાચ સંબંધોમાં સાચી લાગણી પણ નહી થાય.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પિંજરપાક તેમજ આંતરપાકના ફાયદા

» મુખ્ય પાકની સાથે પિંજરપાકની વાવણી કરવાથી મુખ્ય પાકમાં આવતી જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય છે. દા.ત.

કપાસના ૧૦ ચાસ પછી ૧ ચાસ ગલગોટાઓ વાવવાથી લીલી ઇયળનો ઉપદ્રવ કપાસમાં ઘટે છે.

કપાસની ફરતે ભીંડાની એક હાર વાવવામાં આવે તો કપાસમાં ટપકાવાળી ઇયળ તથા લીલા તડતડીયાનો ઉપદ્રવ ઘટે છે.

» કપાસની ફરતે શણની એક હાર વાવવાથી કાતરાના નુકસાનને અટકાવી શકાય છે.

» તમાકુની નર્સરી ફરતે દિવેલાની એક હાર વાવવાથી પ્રોડેનીયાનો ઉપદ્રવ તમાકુમાંથી નિવારી શકાય છે.

» લીંબુના બગીચામાં ટામેટી વાવવાથી ફળમાંથી રસ ચુસનાર ફુદાનું નુકસાન લીબુંમાં ઓછુ થાય છે.

» આંબાના બગીચા ફરતે શેઢે કાળા તુલસી વાવવાથી ફળમાખીનો ઉપદ્રવ ઘટે છે.

» કોબીજની ૧૦ થી ૧૨ હાર પછી રાયડાનો એક છોડ વાવવામાં આવે તો હીરાકુદાનો ઉપદ્રવ ઘટે છે.

» મગફળીમાં મકાઇની છાંટ નાખવાથી મોલો ઉપદ્રવ મગફળીમાં ઘટે છે.

» ટામેટાની દર આઠ હરોળ પછી એક હરોળ ગલગોટા ઉછેરવાથી લીલી ઇયળનો ઉપદ્રવ ઘટે છે.

» કપાસની સાથે દિવેલા, ચોળી, મકાઇ અને જુવાર જેવા આંતર પાકોનું વાવેતર કરવાથી જીંડવાની ઈયળોનો ઉપદ્રવ ઘટે છે તથા કુદરતી પરભક્ષી કે પરોપજીવી કીટકોની સંખ્યા વધે જેથી પાકનું સંરક્ષણ થતુ હોય છે.



# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

### ▶ કપાસ

» કપાસનું આગોતરું વાવેતર ન કરવું.

» બિયારણ સસ્તું અને લેભાગુ પાસેથી લેવું નહિ. વિશ્વાસપાત્ર વેપારી પાસેથી બિયારણ લેવું.

» તમારા વિસ્તારમાં જે જાત સારું ઉત્પાદન આપતી હોય તે જાતનું બિયારણ ચોમાસા પહેલા મેળવી લેવું.

» કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

### ▶ મગફળી

» ચોમાસાનો વાવણી લાયક વરસાદ થાય તે પહેલા જમીનમાં પિયત આપી ઓરવાણ કરી વરાપ થયે વાવેતર કરવામાં આવે છે તેને આગોતરૂ વાવેતર કહેવામાં આવે છે. સંશોધનના પરિણામો ઉપરથી ભલામણ કરવામાં આવેલ છે કે મે મહિનાનાં છેલ્લા અઠવાડિયામાં અથવા તો જૂન મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં વાવેતર થઈ જાય તે રીતે ઓરવણું કરી વાવેતર કરવાથી વધારે ઉત્પાદન તથા આર્થિક ફાયદો થાય છે.

» મગફળી ઉપાડ્યા પછી તે જ બીજનું તુરંત વાવેતર કરવું નહિ તેમનો ડોર્મંસી પીરીયડ પૂરો થયા પછી જ વાવેતર કરવું.

જમીનમાં ભેજનું પ્રમાણ અને છીદ્રતા જાળવી રાખવી. તે માટે આગલા પાકનાં ઝાડીયા-મુળિયા, કાંકરા વીણી જમીનને ચોખ્ખી કરો.

» વધારે વહેલું વાવેતર કરવાથી સપ્ટેબર માસમાં જો વધુ વરસાદ થાય તો મગફળી તૂટી જવાથી આર્થિક રીતે નુકસાની થાય છે.

» જીજેજી -૩૨ નું વાવેતર શક્ય બને તો ૧૫ મે સુધીમાં ઓરવણું કરી વાવેતર કરવાથી ઉત્પાદન વધુ મળે છે.

### ▶ તલ

» હવામાનની પરિસ્થિતિને ધ્યાને રાખીને આગળની કાર્યવાહી કરવી.

» તલમાં કાપણી એ ખુબ જ અગત્યની કામગીરી છે કારણ કે સમય કરતા વહેલા તલ વાઢી લેવામાં આવે તો ઉત્પાદન પર માઠી અસર થાય છે અને જો વાઢવામાં મોડુ થાય તો તલ ખરી પડવાથી ઉત્પાદનમાં નુકસાન જાય છે. તલનો પાક આશરે ૯૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. છોડના પાન પીળા પડી ખરી પડવા માંડે અને બૈઢા પીળા પડી જાય ત્યારે તલને વાઢી પુળા વાળી તેના ઉભડા કરવા. ઉભડા કરવાની જગ્યાએ જમીન ઉપર મીથાઈલ પેરાથીઓન ૨% ભુકી છાંટીને ઉભડા કરવા તથા ઉભડાની ફરતે પણ આ દવાની ભૂકી છાંટવી. આમ કરવાથી તલના દાણામાંથી તેલ ચુસનારા કાળા ભૂરા ચુસિયા નામની જીવાતથી થતુ નુકસાન અટકાવી શકાય. આ દવાનો તલના ઉભડા ઉપર સીધો છંટકાવ કરવો નહી કારણ કે આમ કરવાથી આ દવાના અવશેષ દાણામાં આવશે જે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. ઉભડા બરાબર સુકાઈ જાય ત્યારે તેમાંથી તલ થોડા થોડા સમયના અંતરે બે થી ત્રણ વખત ખંખેરી લેવા. તલને સાફ કરી, ગ્રેડીંગ કરી વ્યવસ્થિત રીતે સુકવી ઉંદર કે જીવાતથી નુકસાન ન થાય તેવી જગ્યાએ સંગ્રહ કરવો.

» શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા કદના તથા પાંચમાં મહિને ભારે કદના પાળા ચઢાવવા. ખેતરમાં શેરડીની પતરી બાળવાની સલાહ આપવામાં આવતી નથી.

### ▶ શાકભાજી

» રીંગણના પાકમાં ગંઠવા કૃમિના અસરકારક નિયંત્રણ માટે પેસીલોમાયસીસ લીલાસીનસ હેક્ટર દીઠ ૨૫ કિલો સ્પોરડસ્ટ (૧૦૯ કનીડીયા/ગ્રામ) કેરીયર સાથે ફેરરોપણી સમયે + મરઘાનું ખાતર ૧૦ ટન હેક્ટર ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં અથવા રાઈનો ખોળ હેક્ટર દીઠ ૨ ટન પ્રમાણે ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં અથવા પેસીલોમાયસીસ લીલાસીનસ હેક્ટર દીઠ ૨૫ કિલો ફેરરોપણી સમયે + લીમડાનો ખોળ હેક્ટર દીઠ ૨ ટન પ્રમાણે ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં આપવાની ભલામણ છે.

» શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો. રીંગણના પાકમાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ તથા અન્ય જીવાતો માટે સંકલિત નિયંત્રણ અપનાવવું.

» ગ્રીન હાઉસમાં ઓફ સિજનમાં ફાયદો મળી રહે તેવા પાકો જેવા કે જર્બેરા, કાર્નેશન, ગુલાબ, ગ્લેડીયોલસ જેવા ફૂલ પાકો તેમજ ધાણાભાજી, મેથી, મરચા(કેપ્સીકમ), ટામેટા, કાકડી જેવા શાકભાજી પાકો લઇ શકાય.

### ▶ બાગાયત:



» જામફળમાં મૃગબહાર લેવામાં આવે તો તેના ફળો શિયાળા દરમ્યાન મળે છે. જેની ગુણવતા ખુબ જ સારી હોય છે, ફળમાખીનો ઉપદ્રવ ઓછો હોય છે. તેમજ વીટામીન-સીનું પ્રમાણ ઘણું હોય છે. આના માટે ફાલ ઉતાર્યા બાદ ઉનાળાની ઋતુમાં ફેબ્રુઆરી - મે માસ સુધી પાણી બંધ કરી આપવામાં આવે છે. ત્યારબાદ ખેડ કરી ગોડ કરવો અને ખાતર પાણી આપવું તેમજ રોગ - જીવાતવાળી સુકી ડાળીઓ કાપી નાખવી.

» બોરમાં છટણી સામાન્ય રીતે એપ્રિલના બીજા પખવાડિયાથી મે ના પ્રથમ પખવાડિયા સુધીમાં કરી શકાય છે. સીતાફળમાં ખાસ પ્રકારની છટણીની જરૂર રહેતી નથી પરંતુ થડની આજુબાજુ ફુટતી ડાળીઓ કાઢતા રહેવું.

» લીંબુના પાકમાં જીવાત અને રોગના નિયંત્રણ અગેં યુનિ.ની ભલામણ પ્રમાણે પાન કોરીયાના નિયંત્રણ માટે ફેન્થીઓન, ડાયમથીએટ અથવા કવીનાલફોસનો છંટકાવ કરવો. તેમજ ગુંદરીયા રોગના નિયંત્રણ માટે રોગ લાગેલ ભાગ ચપ્પુથી છોલી બોર્ડોપેસ્ટ અથવા ઓરીયોફંગીન દવા (૧૦ લિટર પાણીમાં ૧ ગ્રામ પ્રમાણે) ચોપડવાથી ફાયદો થાય છે

» દાડમ, ફૂલછોડ, ઔષધિય પાકો અને રક્ષિત ખેતી પાકોમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» સીતાફળનાં વાવેતર માટે જી.જી.સી.એ.-૧ જાતનું વાવેતર કરવું

» લીંબુમાં થડેથી નીકળતા પીલા દૂર કરવા તથા ભલામણ મુજબના ખાતરો આપી દેવા.

**નિકાસ દ્વારા વૈશ્વિક બજારોમાં સારા ભાવ મેળવવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:**

» કરાર આધારિત ખેતી પદ્ધતિ દ્વારા ખેડૂતોએ નિકાસકાર કંપની કે વેપારી સાથે સમન્વય કરવો જોઈએ.

» ખેડૂતોએ પોતાની પેદાશ ક્યાં આંતરરાષ્ટ્રીય બજારમાં વેચવાથી વધુ ભાવ મળે તે નક્કી કરવું જોઈએ.

» આંતરરાષ્ટ્રીય બજારમાં કઈ પધ્ધતિથી વેચાણ કરવું તે નક્કી કરવું જોઈએ જેમ કે, સીધું વેચાણ અથવા એજન્ટ દ્વારા વેચાણ. જંતુનાશકોના અવશેષો રહિત ઉત્પાદન મળે તેવું અગાઉથી જ આયોજન કરવું જોઈએ.

» ખેત પેદાશોનો બગાડ ન થાય તેના માટે યોગ્ય ગ્રેડિંગ કરી આકર્ષક પેકિંગ કરવું જોઈએ.





# ફળ પાકોમાં વિવિધ પ્રકારની ખેતી પદ્ધતિઓ

ડો. જે.એસ. પરસાણા, ડો. શિવાની પટેલ, ડો. વી.એ. સાવલિયા અને ડો. બી.વી. ઠુંમર
બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ

ખેતી પદ્ધતિઓ કૃષિ ઉત્પાદન માટે એક વ્યાપક અભિગમ છે જે ખેતરમાં રહેલા બધા જ એકબીજા સાથે જોડાયેલા તત્વોને ધ્યાનમાં લે છે, જેમાં માટી, છોડ, પ્રાણીઓ, શ્રમ, મૂડી અને અન્ય ઇનપુટ્સનો સમાવેશ થાય છે. હાલમાં ચાર પ્રકારની ખેતી પદ્ધતિઓ ખુબ પ્રચલિત છે, જેના દરેકના ફાયદા અને મર્યાદાઓ રહેલ છે. તો ખેડૂતમિત્રો આપણે પર્યાવરણની જાણવણી, ઉપલબ્ધ સંસાધનો, નવી તક્નીકનું જ્ઞાન, માનવબળ, ઉત્પાદન ખર્ચ, બજારમાં માંગ, નિકાસ વિગેરે ધ્યાને રાખી ખેતી પસંદગી કરવી જોઈએ.

હાલ ભારતમાં ફળ પાકોમાં ખેતી નીચે પ્રમાણે મુખ્ય ચાર પ્રકારની કરવામાં આવે છે.

- ♦ પ્રિસિઝન ફાર્મિંગ/ આધુનિક ખેતી
- ♦ સામાન્ય ચાલતી ખેતી/ કન્વેન્સ્નલ ફાર્મિંગ/ટ્રેડીશનલ ફાર્મિંગ
- ♦ ઓર્ગેનિક ફાર્મિંગ
- ♦ પ્રાકૃતિક ખેતી/ નેચરલ ફાર્મિંગ/ કુદરતી ખેતી :



આધુનિક ખેતી



કન્વેન્શનલ ફાર્મિંગ




સજીવ ખેતી



પ્રાકૃતિક ખેતી

**1.** પ્રિસિઝન ફાર્મિંગ/ આધુનિક ખેતીમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન :

આધુનિક ઉપકરણોનો ઉપયોગ, વેધર ફોરકાસ્ટીંગ, મલ્ચીંગ, ફર્ટીગેશન, રોબોટ દ્વારા કાપણી, આધુનિક પેકીંગ, ગ્રેડિંગ અને સ્ટોરેજ વ્યવસ્થાપન વિગેરે કરવામાં આવે છે. જેમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન ફર્ટીગેશન દ્વારા ઝાડને જરૂર પ્રમાણે રોબોટિક પધ્ધત્તિ દ્વારા થાય છે. સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન ડ્રોન ટેકનોલોજી અને ડેટા વિશ્લેષણનો ઉપયોગ કરી જરૂરી થ્રેસહોલ્ડ લેવલના આધારે કરવામાં આવે છે. આ પ્રકારની ખેતી હજુ ભારતમાં શરૂઆતનાં તબક્કે છે.

**2.** સામાન્ય ચાલતી ખેતી/ કન્વેન્સ્નલ ફાર્મિંગ/ટ્રેડીશનલ ફાર્મિંગ

દાડમના પાક પર સેન્દ્રિય અને રાસાયણીક ખાતરોની અસર સારા પ્રમાણમાં જોવા મળે છે. મુખ્ય અને ગૌણ પોષક તત્વો દાડમની વૃદ્ધિ અને ઉત્પાદનને અસર કરે છે. ઝાડની ઉંમર પ્રમાણે કૃષિ યુનિવર્સીટી દ્વારા સંશોધન બાદ કરેલ ભલામણ પ્રમાણે આપી શકાય છે. તેમજ જરૂરી સામન્ય અને અગત્યના કેળવણી અને છાંટણી જેવા કાર્યો કરવા. આ પ્રકારની ખેતીમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન કલ્ચરલ અને રાસાયણિક દવાના છંટકાવથી કરવામાં આવે છે.

**3.** ઓર્ગેનિક ફાર્મિંગ/ સજીવ ખેતી

રાસાયણિક ખાતરનો વપરાશ કુદકે અને ભુસકે સતત વધી રહયો છે તેની ઘણી આડઅસરો થાય છે. રાસાયણિક ખાતરના વપરાશ અને ઉત્પાદન વચ્ચેની ઘટને પહોંચી વળવા સજીવ ખેતી ખાસ જરુરી છે અને જો મોંધા ખાતરનો વપરાશ ઓછો કરવામાં આવે તો ખેતી ખર્ચ ઘટાડી જમીનની ફળદ્રુપતા વધારી એકધારૂં સ્થિર ઉત્પાદન મેળવી શકાય છે.

આ પ્રકારની ખેતીમાં સોઈલ સોલરાઈઝેશન (જમીન તપાવવી), છાણીયીં ખાતર, અળસિયાનું ખાતર, લીંબોળીનો ખોળ, એરંડાનો ખોળ, પોલ્ટ્રી મેન્યુર, પ્રવાહી જૈવિક ખાતર અન્ય કુદરતી અને જૈવિક ખાતર એટલે કે ''બાયોફર્ટીલાઈઝર'' (એઝોટોબેકટર, ફોસ્ફોબેકટર, પોટાસ સોલ્યુંબ્લેઝીંગ બેક્ટેરિયા દરેક ૫૦ ગ્રામ પર ઝાડ) વાપરી શકાય જેમાં અસરકારક અને પાકને ઉપયોગી સૂક્ષ્મ જીવાણુંઓ રહેલા હોય છે જે હવામાંથી મુક્ત નાઈટ્રોજન સ્થિર કરવાની અને જમીનમાં રહેલા અલભ્ય ફોસ્ફરસને અને પોટાશને લભ્ય બનાવવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. આ પ્રકારની ખેતીમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન કલ્ચરલ (ફળને બેગ પહેરાવવી), તેમજ ખાટી છાસ, લીંબોળીનું તેલ, કડવું-કરિયાતું, લાઈટ ટ્રેપ, ફેરોમોન લ્યુર, પીળા સ્ટીકી ટ્રેપ, મિત્ર કીટકો વિગેરેના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે.

**કુદરતી ખેતીનો આધાર જુદી જુદી પ્રક્રિયાઓ પર**

કુદરતી ખેતી ખેતરોમાં રહેલી કુદરતી અથવા ઈકોલોજીકલ પ્રક્રિયાઓ પર નિર્ભર રહે છે. કુદરતી ખેતી વિવિધ સમસ્યાઓનો ઉકેલ આપે છે, જેમ કે ખાદ્ય અસુરક્ષા, ખેડૂતોની તકલીફ અને ખોરાક અને પાણીમાં જંતુનાશકો અને ખાતરના અવશેષો, ગ્લોબલ વોર્મિંગ, આબોહવા પરિવર્તન અને કુદરતી આફતોને કારણે ઉદ્ભવતી આરોગ્ય સમસ્યાઓ.

**4.** પ્રાકૃતિક ખેતી/ નેચરલ ફાર્મિંગ/ કુદરતી ખેતી

કુદરતી ખેતી એ રાસાયણિક મુક્ત પરંપરાગત ખેતી પદ્ધતિ છે. તેને કૃષિ પર્યાવરણ આધારિત વૈવિધ્યસભર ખેતી પદ્ધતિ માનવામાં આવે છે. જ્યાં કુદરતના નિયમો કૃષિ પદ્ધતિઓ પર લાગુ કરવામાં આવે છે. આ પદ્ધતિ દરેક ખેતીલાયક વિસ્તારની કુદરતી જૈવવિવિધતા સાથે કામ કરે છે, જે જીવંત જીવો, છોડ અને પ્રાણીઓ બંનેની જટિલતાને પ્રોત્સાહન આપે છે, જે દરેક ચોક્કસ ઈકોસિસ્ટમને ખોરાક સાથે જોડી વધવા માટે સહાય કરે છે.

# વૃદ્ધિ નિયંત્રકોનું કાર્ય અને ફળપાકોમાં તેની ઉપયોગીતા

ડો. આર.કે. કલારિયા અને ડો. એસ.એસ. પાટીલ
૧. અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવેર્સિટી,
૨. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરુચ

જનિનિક ગુણધર્મો, પોષકતત્ત્વો અને વૃદ્ધિ નિયંત્રકો એ વનસ્પતિના સર્વાંગી વૃદ્ધિ અને વિકાસમાં મહત્ત્વનો ફાળો ધરાવે છે. જેમાં જનિનિક પરિબળોનો ફાળો સૌથી વધુ છે અને એટલે જ નાના મોટા ઝાડ, વૃક્ષ, વેલા વગેરે પોતાની વિશિષ્ટ રીતે વૃદ્ધિ કરે છે. પોષક તત્ત્વોનો ફાળો બીજા ક્રમનો છે. પરંતુ વૃદ્ધિ નિયંત્રકોનું મહત્ત્વ સહેજ પણ ઓછું નથી. વૃદ્ધિ નિયંત્રકો વનસ્પતિનાં અંકુરણથી તેના અંત સુધીનાં વિવિધ તબક્કે જરૂરી છે. વૃદ્ધિ નિયંત્રકો જરૂરિયાત મુજબ વનસ્પતિમાં કોઈ સ્થળે ઉત્પન્ન થતા રહે છે અને જે તે સમયે જરૂરી દેહધાર્મિક ક્રિયાનું નિયંત્રણ દૂર સુધી કરે છે. તેથી તેની ઉણપ સામાન્યપણે જણાતી નથી. તેમ છતાં, આ વૃદ્ધિ નિયંત્રકો કૃત્રિમ રીતે પ્રયોગશાળામાં પણ બનાવી શકાય છે. તેને બહારથી આપીને વનસ્પતિનાં વૃદ્ધિનાં ચોકકસ તબક્કામાં ઈચ્છાનુસાર ફેરફાર કરવાનું શક્ય છે, જેનાથી છોડનાં ઉત્પાદન તથા ગુણવત્તામાં ફાયદો મેળવી શકાય છે. ફળઝાડની વૃદ્ધિ, ઉત્પાદન અને ગુણવત્તાનો આધાર વૃદ્ધિ નિયંત્રકો ઉપર રહેલો છે. બીજના સ્ફુરણમાં, વિકાસમાં, છોડની વાનસ્પતિક વૃદ્ધિ વધારવા કે ઘટાડવામાં, ફળના કદ વધારવા, ફળોનું આયુષ્ય વધારવાનું કાર્ય વૃદ્ધિ નિયંત્રકો દ્વારા થાય છે. આ વૃદ્ધિ નિયંત્રકોના મુખ્ય પાંચ પ્રકાર છે. ઓક્ઝિન, જીબ્રેલીન, સાયટોકાયનીન, એબ્સિસિક એસિડ અને ઈથીલીન.

**ઓક્ઝિન:** (વનસ્પતિ જાતે જ તૈયાર કરે છે અને કૃત્રિમ રીતે પણ બનાવી શકાય છે)

મહત્ત્વના ઓક્ઝિનમાં ૧. ઈન્ડોલ ઓકઝેલીક એસિડ (આઈ.એ.એ.), ૨. ઈન્ડોલ બ્યુટારીક એસિડ (આઈ.બી.એ.), ૩. નેપ્થેલીન એસિટીક એસિડ (એન.એ.એ.), નો સમાવેશ થાય છે.

**ઓક્ઝિનના ઉપયોગો:**

- ● ઓક્ઝિન વનસ્પતિની સર્વાંગી વૃદ્ધિ માટે અગત્યનો છે. સામાન્ય રીતે આઈ.એ.એ. તથા એન.એ.એ. વનસ્પતિની વૃદ્ધિ વધારવા તેમજ ફૂલ/પાન/ફળ ખરતા અટકાવવા માટે ઉપયોગી છે.
- ● ઓક્ઝિન કોષ વિભાજનને ઉત્તેજીત કરે છે અને ડાળી તથા થડનાં કોષની લંબાઈમાં વધારો છે.
- ● ફૂલ મેળવવામાં, ફળ ધારણ વધારવામાં તથા ફળની વૃદ્ધિમાં ઓક્ઝિન મુખ્ય કાર્ય કરે છે.
- ● ઓક્ઝિનનો સૌથી વધુ ઉપયોગ નિંદામણ નિયંત્રણમાં થાય છે. બીજમાં સ્ફૂરણ વધારવા, બીજ વગરના ફળ મેળવવા તથા લિંગ પરિવર્તનમાં ઓક્ઝિન મહત્ત્વનો ભાગ ભજવે છે.

**જીબ્રેલીન:**

જીબ્રેલીન વનસ્પતિમાં તૈયાર થાય છે તેમજ કૃત્રિમ રીતે પણ બનાવી શકાય છે. જીબ્રેલીન-૩ (જીએ-૩) સૌથી વધુ પ્રચલિત છે અને વિવિધ ઉપયોગમાં લેવાય છે.

**જીબ્રેલીનના ઉપયોગો:**

- ● જીબ્રેલીન કુમળી ડાળીઓમાં કોષનું વિભાજન તથા કોષની લંબાઈ વધારે છે, તેમજ ફળ અને શાકભાજીની સંગ્રહશક્તિ વધારવા પણ જીબ્રેલીન ઉપયોગી છે.
- ● જીબ્રેલીનનું મુખ્ય કાર્ય બીજ/ કંદની સુષુપ્ત અવસ્થા ટૂંકાવવામાં/પૂર્ણ કરવામાં, ફળની વૃદ્ધિમાં, ફૂલ-ફળ વહેલા મેળવવામાં, ફળની પાકટતા મોડી ઠેલવામાં, ફળ ખરતા અટકાવવામાં તથા લિંગ પરિવર્તનમાં કરવામાં આવે છે. તેના છંટકાવથી છોડની ઊંચાઈમાં અસામાન્ય વધારો થાય છે.
- ● જીબ્રેલીનના ઉપયોગથી બીજ વગરની દ્રાક્ષનું કદ બે થી ત્રણ ગણું વધે છે. જો કે બીજવાળી દ્રાક્ષમાં કદનો વધારો ઓછો રહે છે અને અંજીરમાં એનો છંટકાવ કરવાથી ફળની વૃદ્ધિ ઘણી ઝડપી થાય છે.

**સાયટોકાયનીન:**

નાળિયેરનાં પાણીમાં સાયટોકાયનીન જોવા મળે છે. અગત્યના સાયટોકાયનીન ૧. ૬-ફરફ્યુરલ એમિનો પ્યુરાઈન (ક્રાયનેટીન), ૨. ૬-બેન્ઝાઈલ એમિનો પ્યુરાઈન (બી.એ.પી.) અને ૩. ઝીએટીન છે.

સાયટોકાયનીનના ઉપયોગો:

- ● વનસ્પતિની સર્વાંગીન વૃદ્ધિમાં, કોષ વિભાજનમાં, બીજ/કંદની સુષુપ્ત અવસ્થા ટૂંકાવવા/પૂરી કરવા, ફળધારણ વધારવા, ફળ ખરી પડતા અટકાવવા તેમજ ઘા રૂઝવવામાં સાયટોકાયનીન ખુબ જ અગત્યનો છે.
- ● સાયટોકાયનીન લીલા શાકભાજીની સંગ્રહશક્તિ વધારવા તેમજ પ્રોટીનનું ભંગાણ અટકાવવામાં પણ અગત્યનો ભાગ ભજવે છે.

# પાકિસ્તાનનો સતત ત્રીજા દિવસે એલઓસી પર ગોળીબાર : ભારતની જવાબી કાર્યવાહી

નવીદિલ્હી,તા.૨૭

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદથી ભારત પાકિસ્તાન સામે સતત કડક કાર્યવાહી કરી રહ્યું છે. પાકિસ્તાન હંમેશા ડરતું રહે છે કે ભારતનો બદલો ખૂબ જ ખતરનાક અને નિર્ણાયક હશે. આ ડરને કારણે, પાકિસ્તાન બેચેન થઈ રહ્યું છે અને નિયંત્રણ રેખા પર સતત ગોળીબાર કરી રહ્યું છે. તેણે સતત ત્રીજા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું જેનો ભારતે પણ યોગ્ય જવાબ આપ્યો હતો. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર, ૨૬-૨૭ એપ્રિલ ૨૦૨૫ ની રાત્રે, પાકિસ્તાની સેનાની ચોકીઓએ તુટમારી ગલી અને રામપુર સેક્ટરની સામે નિયંત્રણ રેખા પર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો. આપણા સૈનિકોએ નાના હથિયારોથી યોગ્ય ગોળીબાર કરીને અસરકારક રીતે જવાબ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈનિકોએ રવિવારે જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કરીને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ભારતીય સેનાના જવાનોએ અસરકારક રીતે જવાબ આપ્યો છે. આ સતત ત્રીજી રાત્રે પાકિસ્તાને નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો.



# ઝારખંડમાં માર્ગ અકસ્માતમાં એક જ પરિવારની ૩ મહિલાના મોત, ૭ ઘાયલ

રાંચી,તા.૨૭

ઝારખંડના ચતરા જિલ્લામાં શનિવારે એક દુઃખદ માર્ગ અકસ્માતમાં એક જ પરિવારની ત્રણ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે બાળકો સહિત સાત અન્ય સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત ચતરા-ઈટખોરી મુખ્ય માર્ગ પર ગંધારિયા ગામ પાસે થયો હતો. અહીં શ્રદ્ધાળુઓથી ભરેલી સ્કોર્પિયો કાર બેકાબૂ થઈ ગઈ અને રસ્તાની બાજુમાં આવેલા એક વિશાળ ઝાડ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના ટુકડા થઈ ગયા હતા. આ અકસ્માતમાં માતા અને પુત્રી સહિત ત્રણ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા સાતેય લોકોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારી સારવાર માટે રાંચી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્કોર્પિયોમાં મુસાફરી કરી રહેલા બધા લોકો એક જ પરિવારના હતા, જેઓ લાવાલાઉંગ પોલીસ સ્ટેશન વિસ્તારના રાખેડ ગામ પરત ફરી રહ્યા હતા. ઘાયલોના જણાવ્યા મુજબ, ડ્રાઈવરને ઊંઘ આવી ગઈ હતી અને વાહન નિયંત્રણ બહાર ગયું અને ઝાડ સાથે અથડાયું હતું. મૃતકો અને ઘાયલો જેએમએમ નેતા અમરજીત પ્રસાદના સંબંધીઓ હોવાનું કહેવાય છે.



# જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં થયેલા હુમલા બાદ ૧૦ આતંકવાદીઓના ઘર તોડી પડાયા

શ્રીનગર,તા.૨૭

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદથી, અધિકારીઓ આતંકવાદીઓ સામે મોટા પાયે ઝુંબેશ ચલાવી રહ્યા છે. આ ક્રમમાં, સુરક્ષા દળોએ એક મોટી કાર્યવાહી કરી છે અને અત્યાર સુધીમાં ૧૦ આતંકવાદીઓના ઘર તોડી પાડ્યા છે. છેલ્લા ૬ દિવસમાં, ૧૦ આતંકવાદીઓના ઘર જમીનદોસ્ત કરવામાં આવ્યા છે. આ આતંકવાદીઓના ઘરને વિસ્ફોટો દ્વારા ઉડાવી દેવામાં આવી રહ્યા છે. આ પછી પણ સુરક્ષા દળોની આ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. તમને જણાવી દઈએ કે અગાઉ ફક્ત ૬ આતંકવાદીઓના ઘર ઉડાવી દેવામાં આવ્યા હતા અને આ પછી હવે ૪ અન્ય આતંકવાદીઓના ઘર પણ ઉડાવી દેવામાં આવ્યા છે. આમાં લશ્કર-એ-તૈયબાના આતંકવાદી ફારૂક અહેમદનો પણ સમાવેશ થાય છે, જે હાલમાં પાકિસ્તાનમાં છે.

# પશ્ચિમ ભારતમાં તીવ્ર ગરમીનું એલર્ટ, બિહાર-બંગાળ સહિતના રાજ્યોમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૨૭

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીના લોકોને ગરમીનો સામનો કરવો પડશે. તે જ સમયે, ઉત્તર-પૂર્વ ભારતમાં ૨૮ એપ્રિલ, ૨૦૨૫ સુધી ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. ૨૭ થી ૨૯ એપ્રિલ દરમિયાન પૂર્વ અને નજીકના મધ્ય ભારતમાં વાવાઝોડા, વીજળી, કરા, ભારે/તોફાની પવનો સાથે વરસાદ થવાની સંભાવના છે. તે જ સમયે, ઉત્તરપશ્ચિમ અને નજીકના મધ્ય ભારતના મેદાની વિસ્તારોમાં ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી ગરમીનું મોજું ચાલુ રહેવાની શક્યતા છે. દિલ્હીમાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ ૪૨.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આઈએમડીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં છેલ્લે ૨૦૨૨ માં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું, જ્યારે મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૦.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનના સરેરાશ તાપમાન કરતાં ૩.૧ ડિગ્રી ઓછું છે. તેમણે કહ્યું કે રાજધાનીમાં ભેજનું સ્તર ૩૫ ટકાથી ૧૫ ટકાની વચ્ચે રહ્યું. હવામાન વિભાગે સોમવારે દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે, જેમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૪૧ ડિગ્રી સેલ્સિયસ અને ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.



# પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓની રહેવા માટે છત્તીસગઢ સરકાર પાસે અપીલ

રાયપુર,તા.૨૭

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે પાકિસ્તાનથી આવતા તમામ લોકોના વિઝા રદ કરીને તેમને પાછા મોકલવાના નિર્દેશો જારી કર્યા છે. દરમિયાન, પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ત્રાસ સહન કરીને ભારત પહોંચેલા હિન્દુ શરણાર્થીઓએ છત્તીસગઢ સરકારને રાજ્યમાં કાયમી રહેવાની મંજૂરી આપવા અપીલ કરી છે. ૨૦ એપ્રિલે સરહદ પાર કરીને ભારત આવેલા આ શરણાર્થીઓએ શનિવારે રાયપુરમાં છત્તીસગઢના ગૃહમંત્રી વિજય શર્માને મળ્યા હતા. હાલમાં, તે બધાએ રાયપુરના શાદાની દરબારમાં આશરો લીધો છે. આ શરણાર્થી પરિવારોએ વાત કરતી વખતે પોતાની દુર્દશા શેર કરી હતી. સિંધથી આવેલા રવિ કુમારે કહ્યું, "અમે પાકિસ્તાન છોડીને કાયમ માટે અહીં આવી ગયા છીએ. ત્યાં અમારા પર ડાકુઓએ હુમલો કર્યો, અમારા પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

# દિવથી કેસરીયા તરફ જતી કારમાંથી રૂ. ૨.૮૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, બે શખ્સોની ધરપકડ

ઉના, તા.૨૭

ગીર-સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં પોલીસને મોટી સફળતા મળી છે. ઉના સર્વેલન્સ સ્કવોડે બાતમીના આધારે કાર્યવાહી કરતાં તડ ગામ તરફથી કેસરીયા તરફ જઈ રહેલી એક કારમાંથી રૂ.૨,૮૭,૮૯૧ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સાથે પોલીસે કારમાં સવાર બે શખ્સોની પણ ધરપકડ કરી છે. પોલીસને બાતમી મળી હતી કે દિવ તરફથી એક સફેદ રંગની સ્વીફ્ટ કાર **GJ-૧૧-TT-૭૫૦૩** માં વિદેશી દારૂ ભરીને તડ ગામ થઈ કેસરીયાથી માંગરોળ તરફ જવાની છે. બાતમીના આધારે પોલીસે ગોકુલ હોટલ પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન, બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન કારની પાછળની સીટ અને ડેકીમાંથી પ્લાસ્ટિકના થેલા અને બાચકામાં છુપાવેલો વિદેશી દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાં સવાર મીલાપભાઈ લાખાભાઈ ડાકી અને ગૌરવભાઈ હીરાભાઈ ખોરાવા નામના બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાના વિરોધમાં ગીર સોમનાથમાં આવેદન પત્ર પાઠવાયું

ગીર સોમનાથ,તા.૨૭

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટનાને લઈને શિવસેનાએ રોષ વ્યક્ત કર્યો છે. શિવસેના દ્વારા મામલતદાર મારફતે વડાપ્રધાનને આવેદનપત્ર પાઠવીને આતંકીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. પહેલગામમાં થયેલા હુમલાને શિવસેનાએ કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું છે અને આતંકવાદ સામે નિર્ણાયક પગલાં લેવાની માંગ કરી છે. આવેદનપત્રમાં શિવસેનાએ આતંકવાદને જડમૂળથી ઉખેડી નાખવા માટે સરકારને આહ્વાન કર્યું છે. આ આવેદનપત્ર પાઠવવાના કાર્યક્રમમાં સોમનાથ જિલ્લા શિવસેના પ્રમુખ રાજુભાઈ બાંભણિયા સહિત શિવસેનાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યવાહીની માંગ કરી હતી.



તસ્વીર : ધર્મેશ પાઠક

# ગોંડલમાં પહેલગામના શહીદોને શ્રદ્ધાંજલિ, આતંકીઓનું પૂતળું દહન કરી પાકિસ્તાન સામે રોષ

ગોંડલ,તા.૨૭

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોની પુણ્ય સ્મૃતિમાં ગોંડલ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. માંડવી ચોક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પ્રતિકાર સભા યોજાઈ હતી અને ત્યારબાદ આતંકીઓનું પૂતળું દહન કરવામાં આવ્યું હતું. તેઓએ ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સામે લેવામાં આવેલા આકરા પગલાંઓની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં પણ આવા આતંકી કૃત્યોને ડામવા માટે વધુ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.



તસ્વીર : ભોજાણી દેવાંગ

# ઘાંટવડના ગ્રામજનોએ પહેલગામના આતંકવાદી હુમલાને વખોડ્યો

ઉના,તા.૨૭

કાશ્મીરમાં આંતકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોના આત્માને શાંતિ મળે તે માટે ઘાંટવડમાં સમસ્ત ગામ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામનાં હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો જોડાયા હતા અને આ આતંકવાદી હુમલાને વખોડી કાઢયો હતો. આ તકે સરપંચ રફિકભાઈ મહેતર, ઉપસરપંચ નટવરસિંહ ઝાલા, લોહાણા અગ્રણી અરવિંદભાઈ વિઠલાણી, કોળી અગ્રણી મસરીભાઈ બાંભણીયા, ઘાંટવડ સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ આદમભાઈ ચૌહાણ, યુનુસભાઈ સલોત, ગ્રામ પંચાયતના સદસ્ય અલ્તાફભાઈ સાયલી, પત્રકાર શબ્બીરભાઈ સેલોત, ફારુકભાઈ સેલોત, દિનેશભાઈ ચુડાસમા, વેપારી અગ્રણી મયુરભાઈ સોલંકી અને ભીખુભાઈ ગોહિલ વગેરે હાજર રહ્યાં હતાં.

# કોડીનાર-એભલવડ-જૂનાગઢ બસને અરણેજ ગામમાંથી ચલાવવા માંગ

કોડીનાર, તા.૨૭

કોડીનાર તાલુકાનું અરણેજ ગામ સાત હજારથી વધુ વસ્તી ધરાવતું ગામ છે. આ ગામમાં બેંક, આરોગ્ય કેન્દ્ર, પોસ્ટ ઓફિસ, કસ્તુરબા બાલિકા વિદ્યાલય, પી.જી.વી.સી.એલ. સબસ્ટેશન જેવી અનેક સુવિધાઓ છે. કોડીનાર એસ.ટી. ડેપો દ્વારા સંચાલિત સવારે સાડા છ વાગે ઉપડતી કોડીનાર-એભલવડ-જૂનાગઢ બસ પહેલા રોજ ગામમાં આવતી હતી. પણ અમરેલી એસ.ટી. ડિવિઝન અને કોડીનાર એસ.ટી. સત્તાવાળાઓએ આ બસ સેવાને ગામમાં બંધ કરીને ઘાંટવડ, પ્રાચી રોડ ઉપરથી ડાયરેક્ટ જૂનાગઢ લઈ જવાય છે. અરણેજ ગામથી આ રોડ એક કિલોમીટર દૂર છે. આ બસને અરણેજ ગામમાં ફરી શરૂ કરવામાં આવે તો ગામના લોકોને તાલાળા, સાસણ અને જૂનાગઢ જવા માટે આશીર્વાદરૂપ થાય તેમ છે તો એસ.ટી.તંત્ર આ બસને અરણેજ ગામના મુખ્ય ચોક સુધી લાવે તેવી માંગણી ઉઠી છે.



# SGVP ગુરુકુળ દ્વારા પહેલગામના પીડિતો માટે પ્રાર્થના સભા, આતંકી હુમલાને વખોડ્યો

અમદાવાદ,તા.૨૭

**SGVP** ગુરુકુળ પરિવારે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોની આત્માની શાંતિ માટે અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા પ્રાર્થના સભાનું આયોજન કર્યું હતું. **SGVP**ના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીએ અમેરિકામાં સત્સંગ વિચરણ દરમિયાન આ ઘટના પર ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું અને દિવંગત આત્માઓ તેમજ તેમના પરિવારજનો સાથે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. તા.૨૪ એપ્રિલના રોજ બાપુનગર ખાતે આયોજિત પ્રાર્થના સભામાં બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં મૃતકોની શાંતિ અને ઘાયલોના ઝડપી સ્વાસ્થ્ય માટે ભગવાનના નામ-મંત્રની ધૂન કરવામાં આવી હતી. આ સભામાં બાલકૃષ્ણદાસજી સ્વામી અને અન્ય મહાનુભાવોએ આ કાયરતાપૂર્ણ આતંકી કૃત્યની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને જણાવ્યું હતું કે સમગ્ર દેશ આ ગુનેગારોને સબક શીખવવા માટે સરકાર અને સેનાની સાથે છે. આ ઉપરાંત, **SGVP** ખાતે વિદ્યાર્થીઓએ કેન્ડલ માર્ચ યોજીને પહેલગામના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.




# ધોરાજી શહેરમાં હિન્દુ સંગઠનોનો આતંકવાદ સામે પ્રચંડ આક્રોશ

ધોરાજી,તા.૨૭

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ ૨૬ લોકોની હત્યા કરી નાખવાના વિરોધમાં ધોરાજીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. શહેરના ત્રણ દરવાજા આઝાદ ચોક ખાતે આતંકવાદીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને માર્યા ગયેલા નિર્દોષોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મંત્રી પ્રફુલભાઈ જાની અને એક્સ આર્મી મેન ગંભીરસિંહ વાળાએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે પહેલગામમાં જેહાદી આતંકવાદીઓએ ધર્મ અને નામ પૂછીને નિર્દોષ હિન્દુઓની હત્યા કરી છે, જે અત્યંત દુઃખદ અને કાયરતાપૂર્ણ કૃત્ય છે. આ ઘટનાના વિરોધમાં ધોરાજીના હિન્દુ સમાજના મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. ત્રણ દરવાજા ખાતે આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પહેલગામના પીડિત પરિવારોની તસવીરો સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. શહેરના આગેવાનોએ પુષ્પાંજલિ અર્પણ કરી અને ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. ત્યારબાદ ગાંધીજીના સ્ટેચ્યુ પાસે આતંકવાદીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું, જે આતંકવાદ સામે હિન્દુ સમાજના પ્રચંડ રોષને વ્યક્ત કરે છે.




તસ્વીર : નયન કુહાડીયા

**ગોંડલ એ કોઈની જાગીર નથી, અમે અવારનવાર આવીશું, અસામાજિક લોકો સામે પોલીસ કાર્યવાહી કરે : અલ્પેશ કથીરિયા**

# અલ્પેશ કથીરિયા સહિતના પાટીદાર આગેવાનોએ ગોંડલની લીધી મુલાકાત

**અલ્પેશ કથીરિયાના કાફલા પર હુમલાનો પ્રયાસ**

ગોંડલ, તા.૨૭





ગોંડલમાં સામાજીક અને રાજકીય ઘમાસાણ શરૂ થયું છે. જેને લઈને આજે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. ગણેશ જાડેજાએ તેમને પડકાર ફેંક્યો હતો કે જો તેમનામાં હિંમત હોય તો તેમણે ગોંડલ આવીને બતાવવું જોઈએ. જેના જવાબમાં અલ્પેશ કથીરિયાએ પોતાનો ગોંડલ પ્રવાસ નક્કી કર્યો છે. પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયા, જિગીષા પટેલ અને ધાર્મિક માલવીયા આજે ગોંડલની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત સુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાએ આપેલા પડકારને પગલે યોજાઈ હતી. અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું અમે આખો દિવસ ગોંડલમાં રહીશું પરંતુ, તેઓ સવાર ૧૦ વાગે આવ્યા અને સાડા અગિયાર વાગે ગોંડલથી રવાના થઈ ગયા હતા. આ મુલાકાતમાં અલ્પેશ કથીરિયાએ ફરી એકવાર ગોંડલને મિર્ઝાપુર સાથે સરખાવ્યું હતું. આ સમગ્ર મામલે બંને પક્ષના સમર્થકો સામસામે આવી ગયા હતા. જાડેજા પરિવાર સમર્થકોએ કાળા વાવટા ફરકાવી અલ્પેશ કથીરિયાનો વિરોધ કર્યો હતો. તો બીજી તરફ અલ્પેશ કથીરિયાના સમર્થકોએ ગોંડલ મિર્ઝાપુર હોવાની વાતને સમર્થન આપ્યું હતું. ગોંડલ બાદ પાટીદાર આગેવાનો ખોડલધામ ખાતે દર્શન માટે પહોચ્યા હતા.

# વડોદરામાંથી ૩૦૦ શંકાસ્પદને ડિટેઈન કરાયા : ૨૦૦ પુરુષોને વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશન લઈ જવાયા

વડોદરા ,તા.૨૭



જમ્મુ- કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસે ઘૂષણખોરી કરનાર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. હાલમાં વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા એકતાનગરમાં પોલીસની ૧૦ વધુ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં બીજા રાજ્યોના લોકો વસે છે. જ્યાંથી ૩૦૦ શંકાસ્પદોને ડિટેઈન કરી ૨૦૦ પુરુષોને વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. ૧૦૦ જેટલી મહિલાઓ અને ૨૦૦ પુરુષોને ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ અંગે જોઈન્ટ પોલીસ કમિશનર લીના પાટીલે જણાવ્યું હતું કે, હાલમાં ઝોન-૪ના બાપોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા એકતાનગર વિસ્તારમાંથી ૧૦૦ જેટલી મહિલાઓ અને ૨૦૦ પુરુષોને ડિટેઈન કરવામાં આવ્યા છે.

# સુરતમાં શિક્ષિકાના પતિએ બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું

સુરત,તા.૨૭

ખ ળ ભ ળ ા ટ

સુરતમાં શિક્ષિકાનાં પતિએ એકલતાનો લાભ લઈ ૧૧ વર્ષનાં કિશોર સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યાની ઘટના સામે આવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. બાળકનાં માતાપિતાએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. સુરતમાં પાંડેસરા વિસ્તારમાં ૫૮ વર્ષનાં વિશ્વનાથ પ્રસાદે બાળકને ચોકલેટની લાલચ આપી ખરાબ કૃત્ય કર્યું હોવાનું સામે આવતાં મચી ગયો છે. પાંડેસરા વિસ્તારમાં સંતોષનગરમાં વિશ્વનાથ પ્રસાદનાં પત્ની ઘરે ક્લાસિસ ચલાવે છે. ચોથા ધોરણમાં અભ્યાસ કરતો બાળક શિક્ષિકાનાં ઘરે ટ્યુશન માટે જતો હતો. ૨૪ એપ્રિલનાં રોજ સવારે આ ઘટના બની હતી તેમ ફરિયાદમાં નોંધાવવામાં આવ્યું છે. માહિતી મુજબ, બાળકે રડતા રડતાં ઘરે આવી માતાપિતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી ત્યારે ઘટનાની જાણ થતાં બાળકનાં માતાપિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# રાજ્યમાં બુલેટ ટ્રેન માટે એનએચ-૪૮ પર સ્ટીલ બ્રિજનો પહેલો ૧૦૦ મીટરનો સ્પાન શરૂ કરાયો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૭



બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં દિલ્હી, મુંબઈ અને ચેન્નાઈને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ (એનએચ-૪૮) પર ૨×૧૦૦ મીટરના સ્ટીલ પુલનો પ્રથમ ૧૦૦ મીટરનો સ્પાન શરૂ કરવામાં આવ્યો છે. આ પુલ મેક ઈન ઈન્ડિયા હેઠળ બનાવવામાં આવ્યો છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, ગુજરાતના નડિયાદ નજીક એનએચ-૪૮ પર બે બાય ૧૦૦ મીટર લાંબા સ્ટીલ પુલનો પ્રથમ ૧૦૦ મીટરનો સ્પાન લોન્ચ કરવામાં આવ્યો હતો. આ 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજમાં બુલેટ ટ્રેન કોરિડોર માટે NH-૪૮ ને પાર કરવા માટે બે ૧૦૦ મીટર લાંબા સ્ટીલ સ્પાનનો સમાવેશ થાય છે, જેમાંથી એક સ્પાન સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે એનએચ ૪૮ છ લેન ધરાવતો સૌથી વ્યસ્ત હાઈવે છે. પુલનો પહેલો સ્પાન એક છેડાથી લગભગ ૨૦૦ મીટર દૂર ખસેડવામાં આવ્યો હતો અને ત્રણ લેન વચ્ચેના હાઈવે પર લોન્ચ કરવામાં આવ્યો હતો. આ અત્યંત વ્યસ્ત હાઈવે પર ટ્રાફિકનો સરળ પ્રવાહ સુનિશ્ચિત કરવા અને વાહનચાલકોને થતી અસુવિધાને ઓછી કરવા માટે, લોન્ચિંગ પ્રક્રિયા આયોજનબદ્ધ રીતે હાથ ધરવામાં આવી હતી.

# સીએમઓમાંથી મુખ્યમંત્રીના મદદનીશ બાદ વધુ એક અધિકારીને વિદાય અપાઈ

ગાંધીનગર,તા.૨૭



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અંગત મદદનીશ નીલ પટેલની મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હકાલપટ્ટી કરાયા બાદ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી વધુ એક અધિકારીને વિદાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં સાફસુફી કરવામાં આવી રહી છે જે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બની રહ્યો છે. આ જ સપ્તાહમાં મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલની હકાલપટ્ટી કરાઈ છે. એવો ગણગણાટ છે કે, ભાજપ જિલ્લા પ્રમુખોની યાદી જાહેર થાય તે પહેલાં સંભવિત દાવેદારોને આગોતરી જાણ થઈ ગઈ હતી. એટલુ જ નહીં, જિલ્લા પ્રમુખોનું પેપર ફુટી જતાં ભાજપની આબરુ ધુળધાણી થઈ હતી. આ બધાય માટે જવાબદાર મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

# ગુજરાતના પ્રથમ ગોલ્ડ ATMનો સુરતમાં પ્રારંભ: હવે ૨૪ કલાકમાં ગમે ત્યારે સોનાની ખરીદી કરી શકાશે

સુરત , તા. ૨૭



રાજ્યમાં સૌ પ્રથમ સુરતમાં ગોલ્ડ ATM મૂકવામાં આવ્યું છે. જેમાં લોકો ૨૪ કલાકમાં ગમે ત્યારે સોના કે ચાંદીના સિક્કાની ખરીદી કરી શકશે. આ ગોલ્ડ ATMની મદદથી લોકો ૧ ગ્રામથી લઈ ૨૫ ગ્રામ સુધીના સોના-ચાંદીના સિક્કાની ખરીદી કરી શકશે. હવે જ્વેલરી શોરૂમ ઓપન હશે તો જ ગોલ્ડ કે ચાંદી ખરીદી શકાશે એવું નથી પરંતુ જે રીતે બેંક બંધ થઈ ગયા બાદ પણ એટીએમ મશીનની મદદથી રૂપિયા ગ્રાહકો મેળવી શકતા હતા તેવી જ રીતે હવે ગોલ્ડ ATM થકી ૨૪ કલાક ગમે ત્યારે ગોલ્ડ અને ચાંદી ખરીદી શકાશે. ગોલ્ડસિક્કા કંપની સાથે મળીને આ ગોલ્ડ ATM લોન્ચ કરવામાં આવ્યું છે. જેનાથી વ્યક્તિ કોઈ પણ ડિજિટલ ટ્રાન્જેક્શનથી સોના અને ચાંદીના સિક્કા પોતાની જરૂરિયાત મુજબ ખરીદી શકશે.

# શૈલેષ કળથિયાની પત્નીએ આતંકવાદીઓની તસવીર જોઈ પતિના હત્યારાને ઓળખી બતાવ્યો

સુરત, તા.૨૭

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ભોગ સુરતના શૈલેષ કળથિયા પણ બન્યા હતા. શૈલેષ કળથિયાને પત્ની અને સંતાનો સામે ગોળી મારી દીધી હતી. પોતાની નજરે જોનાર આતંકવાદીની તસવીર સામે આવતા તેમાંથી પતિ શૈલેષને ગોળી મારનાર આતંકવાદીને ઓળખી બતાવ્યો હતો. જે ચાર આતંકવાદીઓની તસવીર સામે આવી છે, તેમાંથી જમણેથી બીજો જે આતંકવાદી છે તેણે જ પોઈન્ટ બ્લેન્કથી ગોળી મારી હતી. મૃતક શૈલેષ કળથિયાની પત્નીના જણાવ્યા પ્રમાણે આ જે આતંકી હતા, તેઓએ લીલો કુર્તો અને પાયજામો પહેર્યો હતો. હાલ



જે આતંકવાદીઓની તસ્વીર સામે આવી છે, તે પૈકીના જમણેથી બીજો જે આતંકવાદી છે તેણે જ શૈલેષને ગોળી મારી હતી. આ તસવીરમાં તેણે બ્લુ કપડાં પહેર્યા છે જ્યારે તેણે આતંક મચાવ્યો ત્યારે લીલા કલરનો કુર્તો પહેર્યો હતો. તસવીરમાં જે પ્રમાણે તેની કોટી દેખાય છે તે પણ પહેરેલી હતી. આ સાથે માથા પર ટોપી પહેરેલી હતી. જેમાં એક કેમેરો પણ હતો.





**શિક્ષકો જોઈએ છે**

શ્રી હરી સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામીનારાયણ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળા (ભરાડ કેમ્પસ) ધરમનગર લાઠી રોડ, અમરેલી.

| વિભાગ | લાયકાત |
| --- | --- |
| હાયર સેકેન્ડરી વિભાગ (વિજ્ઞાન - પ્રવાહ) | M.sc.B.ed, B.sc.B.ed |
| હાયર સેકેન્ડરી વિભાગ (સામાન્ય - પ્રવાહ - કોમર્સ) | M.com.B.ed.Account, Economics, B.A.,S.P.CC, Computer, English |
| સેકેન્ડરી વિભાગ | B.A./B.Sc./B.COM./B.ed. D.P.ed./A.T.D. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી |
| પ્રાયમરી વિભાગ | P.T.C.B.ed. |

નોંધ : માર્કેટીંગ માટે ભાઈઓ તથા બહેનો માટે માસિક આશરે ૨૦ થી ૨૫ હજાર રૂપિયા મેળવી શકશો તો માર્કેટીંગ કરી શકે તેવા ભાઈઓ તથા બહેનોએ અમારો સંપર્ક કરવો.

સંપર્ક : ૬૩૫૧૩ ૯૩૩૫૦










**નિલકંઠ જ્વેલર્સ**

(લાઠીવાળા)

અમરેલી - ૩૬૫ ૬૦૧

ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના રર કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે

6356560000

મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.